ॐ

पंचस्तोत्र.

રચનાર

પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નાથ યોગીશ્વર.

બીલખા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ચુનીલાલ ખીમચંદ મારફતિયા.

સુરત.

દોહરો.

ત્યજી કૈફ ને તુરત તજે, હો સમજી આ ભેદ;
નહિ ત્યજો તો જન્મમાં, પાશો પામશો ખેદ.
કર જોડીને હું કહું, કદી ન કરશો કેફ;
આ લઘુ પુસ્તક પ્રેમથી, વાંચી થા (શો) વાકેફ.

પ્રકટકરનાર.

આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦.
સંવત ૧૯૬૮. સને ૧૯૧૨.

શ્રી સત્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં—શા. પ્રેમચંદ નાહાલચંદ તથા ડાહ્યાભાઇ શકરાભાઈ ગાંધીએ છાપ્યુ—ખાડીઆ ગેટ—અમદાવાદ.

વિના મૂલ્યે.

પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નથુરામશર્માં પ્રણીત સર્વ જાતનાં પુસ્તકો અમદાવાદમાંથી મળી શકશે.

મહાત્મા શ્રીમન્નથુરામશર્માંનાં પુસ્તકો વેચવાની એજન્સી અમે અમદાવાદમાં રાખેલી છે. તેઓશ્રી રચીત નીચેનાં પુસ્તકો અમારી પાસેથી મળી શકે છે.

સદુપદેશમાળા ભાગ પેહેલો—આ પુસ્તકમાં બાળકોને તથા અભણ સ્ત્રી પુરૂષોને ગુજરાતી લિપિનું તથા બાળબોધ લિપિનું જ્ઞાન થાય અને તેમને પદાર્થો ને પ્રાણીઓના જ્ઞાન ઉપરાંત ધર્મનો બોધ થાય એવા પાઠો આપ્યા છે. અગત્ય જણાઇ ત્યાં ચિત્રો પણ આપવામાં આવ્યાં છે. મૂલ્ય રૂ. ૦–૩–૬.

મનુષ્ય મિત્ર રૂ. ૦–૪–૦, સદુપદેશ દિવાકર પ્રથમ કિરણ બીજી આવૃત્તિ રૂ.૦–૧૨–૦, સદુપદેશ દિવાકર દ્વિતિય કિરણ રૂ. ૦–૧૨–૦, અંતર્યામીના આદેશો સોનેરી પુંઠાવાળા રૂ. ૦–૧૦–૦, રેશમી પુંઠાવાળા રૂ. ૦–૮–૦, યોગપ્રભાકર બીજી આવૃત્તિ રૂ. ૦–૨–૬, ઉપદેશ ગ્રંથાવલિના અંક ૧ થી ૧૦ રૂ. ૦–૪–૦, ઉપદેશ ગ્રંથાવલિના અંક ૧૧ થી ૨૫ રૂ. ૦–૮–૦, ઉપદેશ ગ્રંથાવલિના અંક ૨૬ થી ૩૫ રૂ. ૦–૮–૦, રહસ્યદીપિકા ટીકા સહિત શ્રી ભગવદ્‌ગીતા ત્રીજી આવૃત્તિ રૂ. ૨–૪–૦, પરમપદ બોધિની ત્રીજી આવૃત્તિ રૂ. ૦–૧૪–૦, ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ રૂ. ૦–૧–૦, સંધ્યાનો વેદાંતાનુસાર વિચાર૦–૦–૬, પ્રશ્નોત્તરરૂપે વિવિધ ઉપદેશ બીજી આવૃત્તિ રૂ. ૦–૩–૬, નાથ સ્વરોદય બીજી આવૃત્તિ રૂ. ૦–૪–૦, પ્રણવપટ (જેમાં વિવિધપ્રકારના રંગો પૂરવામાં આવ્યા છે અને ગાયત્રીનો અર્થ કરી બતાવવામાં આવ્યો છે તે જ ચારે વેદનાં ચાર મહાવાક્યો આલેખી અગત્યની શ્રુતિઓના અર્થ કર્યા છે) રૂ. ૦–૨–૦, નાથ કાવ્ય રૂ. ૦–૫–૦.

पंचस्तोत्र.

રચનાર

પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નાથ યોગીશ્વર.

બીલખા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ચુનીલાલ ખીમચંદ મારફતિયા.

સુરત.

દોહરો.

ત્યજી કેફ ને તુરત તમે, લો સમજી આ ભેદ;
નહિ ત્યજો તો જન્મમાં, ખરો પામશો ખેદ.
કર જોડીને હું કહું, કદી ન કરશો કેફ;
આ લઘુ પુસ્તક પ્રેમથી, વાંચી થા (શો) વાકેફ.

પ્રકટકરનાર.

આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૮. સને ૧૯૧૨.

શ્રી સત્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં—શા. પ્રેમચંદ નાહાલચંદ તથા
ડાહ્યાભાઇ શકરાભાઈ ગાંધીએ છાપ્યું—ખાડીયા ગેટ—અમદાવાદ.

વિના મૂલ્યે.

પ્રસ્તાવના.

પરમકૃપાળુ પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નાથ યોગીશ્વરે કૃપા કરીને જનસમૂહના હૃદયમાં રહેલાં વ્યસનો આદિ દૂર થાય એવા હેતુથી વિનોદરૂપે ઘણાં સ્તોત્ર સ્તવાદિ બનાવ્યાં છે. જેમાંથી મદિરાસ્તોત્ર, ચાસ્તોત્ર, તમાકુ સ્તોત્ર, અફીણુ સ્તોત્ર અને વિજયા સ્તોત્ર એ પાંચ સ્તોત્રને એક પુસ્તકમાં પ્રકટ કરી તેનું પુણ્ય મારા સ્વર્ગસ્થ પિતાશ્રીને અપાય તો ઠીક એમ ઇચ્છા બતાવતાં તે કૃપાળુશ્રીએ તેમ કરવા અનુમતિ આપી છે, જેથી તે પાંચે સ્તોત્ર એક પુસ્તકમાં પ્રકટ કરવામાં આવ્યાં છે. આ પાંચે સ્તોત્રને અંતે 'પ્રકટ કરનારનું પરિશિષ્ટ' એ નામના મથાળા નીચે મદિરાસ્તોત્ર વગેરે માટે મારૂં લખાણુ પ્રકટ કરવામાં આવ્યું છે. જેમ સૂર્ય આગળ આગિયાનું તેજ કંઇપણુ કામનું નથી તેમ મૂળના પાંચ સ્તોત્ર આગળ મારૂં વધારાનું લખાણુ નહિજ જેવું છે. પરંતુ જિજ્ઞાસા વૃત્તિથી તે લખાયું છે. માટે જિજ્ઞાસુ સજ્જનો આમાં સમાયેલા વિષયોનું મનન કરશે તો મારો શ્રમ સફળ લાગ્યો ગણાશે.

આ પુસ્તક મારા પિતાજી મારફતિયા ખીમચંદ નીછાભાઇના પુણ્યાર્થે જિજ્ઞાસુઓને વિનામૂલ્યે આપવા પ્રકટ કરવામાં આવ્યું છે.

ચુનીલાલ ખીમચંદ મારફતિયા.

સુરત.

॥ ॐ ॥

॥ पंच स्तोत्र ॥

॥ मदिरास्तोत्र ॥

ૐ. આ મદિરાસ્તોત્રલઘુમાલાના શ્રીવિવેક ઋષિ, નામરહિત છંદ, મદિરા દેવતા, મનને આનંદમય કરવાના સામર્થ્યવાળી ભ્રાંતિ આ બીજ, સ્વકર્તવ્યમાં પ્રમાદ ઉત્પન્ન કરી શરીરસામર્થ્યાદિની હાનિ કરનારી આ શક્તિ, અને તેની ઉપાસનાને ત્યજી દેવામાં તેના ભક્તોના મનની અત્યંત નિર્બળતા આ કીલક છે.

કરન્યાસઃ—પોતાના અનન્ય ભક્તોને પ્રાતઃકાળવિષે શય્યામાંજ પોતાનું પ્રેમપૂર્વક સ્મરણધ્યાન કરાવવાના પ્રબળ સામર્થ્યવાળી એ પ્રમાણે અંગૂઠાઓને નમસ્કાર, પોતાના ઉષ્ણસ્વભાવથી પીનારના ગળામાં દાહ ઉપજાવવાની શક્તિવાળી એ પ્રમાણે તર્જનીઓને નમસ્કાર, દ્રવ્ય તથા સમયનો દુરુપયોગ કરાવી શુભ વિચાર તથા શુભ આચારનો નાશ કરવાના બળવાળી એ પ્રમાણે મધ્યમાઓને નમસ્કાર, પોતાના ભક્તોને ઉન્મત્ત કરવાના પ્રભાવવાળી એ પ્રમાણે અનામિકાઓને નમસ્કાર, અવિચારી ને વિષયી મનુષ્યોને શીઘ્ર પોતાના ભણી આકર્ષણ કરનારી એ પ્રમાણે કનિષ્ઠિકાઓને નમસ્કાર, અને મનુષ્યને પોતાને વશ કર્યા પછી પ્રાયશઃ તેને પોતાની અ-

ધીનતામાંથી નહિ છોડવાના સ્વભાવવાળી એ પ્રમાણે હથેળીઓને તથા હાથના નીચેના ભાગોને નમસ્કાર.

હૃદયાદિન્યાસ:—પોતાના અનન્ય ભક્તોને પ્રાતઃકાળવિષે શય્યામાંજ પોતાનું પ્રેમપૂર્વક સ્મરણધ્યાન કરાવવાના પ્રબળ સામર્થ્યવાળી એ પ્રમાણે હૃદયને નમસ્કાર, પોતાના ઉષ્ણસ્વભાવથી પીનારના ગળામાં દાહ ઉપજાવવાની શક્તિવાળી એ પ્રમાણે શિરપર સ્વાહા, દ્રવ્ય તથા સમયનો દુરુપયોગ કરાવી શુભ વિચાર તથા શુભ આચારનો નાશ કરવાના બળવાળી એ પ્રમાણે શિખાપર વષટ્, પોતાના ભક્તોને ઉન્મત્ત કરવાના પ્રભાવવાળી એ પ્રમાણે કવચને હુમ્, અવિચારી ને વિષયી મનુષ્યોને શીઘ્ર પોતાના ભણી આકર્ષણ કરનારી એ પ્રમાણે ત્રણ નેત્રોને વૌષટ્, અને મનુષ્યને પોતાને વશ કર્યા પછી પ્રાયશઃ તેને પોતાની અધીનતામાંથી નહિ છોડવાના સ્વભાવવાળી એ પ્રમાણે અસ્ત્રને ફટ્.

મદિરાની વાસ્તવિક કૃપા મેળવવામાટે તેના ઉપાસકોને નિત્ય વિવેકપૂર્વક પાઠ કરવામાં તથા દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવામાં આ સ્તોત્રનો **વિનિયોગ** છે.

ધ્યાન:—મદિરા જગદંબાને બહુ પ્રિય છે, ભગવતીની જે પાંચ મકારવડે ઉપાસના કરાય છે તેમાં પ્રથમ મકાર મદિરા છે, મદિરા એ આ પૃથિવીઉપરનું અલૌકિક અમૃત છે, મદિરા સ્ત્રીપુરુષોના મનને આનંદના સાગરમાં નિમગ્ન કરનારી છે, ને રાજાઓ તથા ધનાઢ્યોના કેટલાક ભાગની % પ્રિય સખી છે, માટે વ્યવહાર તથા પરમાર્થની ચિંતા ત્યજી એવી ઉત્તમ મદિરાનું નિરંતર પ્રીતિપૂર્વક ધ્યાન કરવું એ અમારું મુખ્ય કર્તવ્ય છે એમ સમજી, મદિરાના અનન્ય ભક્તો નિત્ય તેનું પ્રીતિપૂર્વક ધ્યાન કરે છે.

સુરા, હલિપ્રિયા, હાલા, વરુણાત્મજા, ઇરા, કાદંબરી, મદ્ય, ગંધમાદની, માધ્વી, મદ, વારુણી, મત્તા, સીતા, ચપળા, કામિની પ્રિયા, મદગંધા, માધ્વીક, મધુર, આસવ, અમૃતા, વીરા, સીધુ, મૈરેય, ને શૂંડા એ મદિરાનાં મુખ્ય અને પ્રસિદ્ધ નામો છે. દારુ તથા શરાબ પણ મદિરાનાં લોકપ્રસિદ્ધ નામ છે.

હિંદુ, જૈન, બૌદ્ધ, યાહુદી, ખ્રીસ્તી, મુસલમાન, ને પારસીધર્મમાં પોતપોતાના ધર્મનું પાલન કરનાર મનુષ્યને માદક પદાર્થોના સેવનની ના પાડયા છતાં તે સર્વ ધર્મવાળામાં માદક પદાર્થમાં મુખ્ય ગણવાયોગ્ય મદિરાના ઉપાસકો થોડાઘણા મળી આવે છે એ સૂક્ષ્મદૃષ્ટિથી અવલોકન કરનારને અજ્ઞાત નથી. એવી રીતે ધર્માજ્ઞાની ઉપેક્ષા કરાવનારી મદિરા પોતાના એવા પરાક્રમથી વિશ્વમાં મહિમાવતી છે !

"**तस्माद्ब्राह्मणः सुरां न पिबेत्** " (સુરાપાન કરનાર બ્રાહ્મણને મરણાંતિક પ્રાયશ્ચિત્તનું દર્શન હોવાથી બ્રાહ્મણ સુરા ન પીએ,) એ શ્રુતિ તથા " **सुरापस्य ब्राह्मणस्योष्णामासिञ्चेयुः** " (સુરા પીનાર બ્રાહ્મણના મુખમાં અગ્નિવડે તપાવેલી સુરા રેડવી,) " **सुरापाः कृमयो भवन्त्यभक्ष्यभक्षात्** " (સુરાપાન કરનારાઓ અભક્ષ્યનું ભક્ષણ કરવાથી કૃમિઓ થાય છે,) ને **मद्यं नित्यं ब्राह्मणो वर्जयेत् ॥** " (બ્રાહ્મણ સર્વદા મદ્યનો ત્યાગ કરે,) એ સ્મૃતિઓ બ્રાહ્મણે આપત્કાળમાં પણ સુરા તથા મદ્ય ન પીવાં એમ કહે છે, છતાં કેટલાક બ્રાહ્મણો વામતંત્રનો ને કેટલાક બ્રાહ્મણો પશ્ચિમના સુધારાનો (?) આશ્રય ગ્રહણ કરીને તે શાસ્ત્રવચનોની ઉપેક્ષા કરી પ્રસન્નમને હૃદય બાળનારી મદિરાનું પાન કરે છે, તેથી જણાય છે કે તેમને શાસ્ત્રવચનકરતાં મદિરાનો મદ વધારે પ્રમાણરૂપ છે. એવી રીતે મૂર્ખજનોઆગળ શાસ્ત્ર-

કરતાં પણ પોતાનું પ્રબળપણું પ્રસિદ્ધ કરનારી મદિરાના બળવાનપણા-માં કોને અવિશ્વાસ થાય ?

વામમાર્ગીઓ "જગદંબાને મદ્ય બહુ પ્રિય છે," એમ કહે છે તે તેમની ભુલ છે. જગદંબાને જે મદ્ય પ્રિય છે, તે મદ્ય લોકપ્રસિદ્ધ મદ્ય નથી, પરંતુ શ્રીમહેશ્વરમાં પોતાનો અનન્ય પ્રેમ તે મદ્ય છે, ને તે મદ્ય તેઓ પતિવ્રતાશિરોમણિ હોવાથી તેમને અત્યંત પ્રિય હોય એ સ્વાભાવિકજ છે. જે વામમાર્ગીઓ ને સુરીઓ મદ્ય ને શરાબનો દારુ એવો અર્થ કરી દારુનું સેવન કરવા લાગી આ લોક તથા પરલોકથી ભ્રષ્ટ થાય છે, ને મદ્ય તથા શરાબનો પરમાત્મામાં વિશુદ્ધ પ્રેમ રાખવો એવો વાસ્તવિક અર્થ સમજતા નથી, તથા તદનુકૂળ વર્તતા નથી, તે મનુષ્યોની મતિને મદિરાએ ફેરવી નાંખી છે એમ જણાય છે. જે મદિરા ધર્મને નામે મૂર્ખલોકોના મનમાં પોતાનો ધામો નાંખે તે મદિરાના પ્રબળપણાને કયો મનુષ્ય ન સ્વીકારે ?

કેટલાક મનુષ્યો સોમરસ મદિરા નહિ છતાં તેને મદિરા સમજે છે. સોમરસ મનુષ્યના જ્ઞાનતંતુઓને સાત્ત્વિકબળવાળા કરે છે, ત્યારે મદિરા મનુષ્યોના જ્ઞાનતંતુઓને તામસબળવાળા કરે છે, છતાં તે બંનેને એક કહેવાની બુદ્ધિ જે મનુષ્યોમાં ઉપજે છે તે બુદ્ધિ તેઓમાં મદિરાની પ્રબળ ભક્તિથી ઉપજે છે એમ વિવેકીને સ્પષ્ટ થયા વિના રહેતું નથી.

મદિરાના સેવનથી બુદ્ધિમાં તામસદ્રવ્ય વધે છે, આયુષ્ ઘટે છે, આરોગ્ય બગડે છે, લોકોમાં અપકીર્તિ થાય છે, ઇંદ્રિયોની શક્તિઓ ક્ષીણ થાય છે, ડોળા મોટા ને કુરૂપ થાય છે, શરીરસામર્થ્ય ઘટે છે, સુવિચાર ને સદાચારને અંતઃકરણાદિમાં અવકાશ મળતો અટકે છે, પ્રસંગોપાત્ત ઉન્મત્ત સ્થિતિમાં નકામા ક્લેશો થાય છે, ને દ્રવ્યનો તથા સમયનો દુરુપયોગ થાય છે. રાજાઓને તથા શ્રીમંતોને કોઇ દ્રવ્ય

આપી ગાંડા થવાનું કહે તો તેમને બહુ માઠું લાગે, પણ તેઓ પોતાની મેળે પોતાની ગાંઠનાં નાણાં ખર્ચી દારુ પી ગાંડા થાય છે, તેમાં તેમને લેશ પણ માઠું લાગતું નથી ! કેટલીક સ્ત્રીઓ પણ દેખાદેખીથી મદિરાપાન કરી પોતાના જીવનને ખરાબ કરે છે. આવી ઉન્મત્ત ને હાનિકર પ્રવૃત્તિમાં મનુષ્યોના ચિત્તને ખેંચનારી મદિરા વિશ્વમાં વિજયવતી ગણાય એમાં કાંઈ આશ્ચર્ય નથી.

હે મદિરે ! તું અવિદ્યાની પુત્રી હોય એમ જણાય છે, કેમકે તું એક પ્રકારના અર્થને તારા ભક્તોને બીજા પ્રકારનો દેખાડે છે. વામમાર્ગીઓનું "દીક્ષિતમંદિર" ને "તીર્થ" તથા સુફીઓનુ "મયખાનું" ને "શરાબ" કલાલનું પીઠું તથા દારુ નથી, પણ પ્રેમભક્તિના ઉત્કૃષ્ટ રસથી શિષ્યોના હૃદયને ઉન્મત્ત કરનાર ને જગતની પ્રીતિને રોકી પરમાત્મામાં વિશુદ્ધ પ્રીતિ ઉપજાવનાર તત્ત્વવિત્ સદ્‌ગુરુનું ગૃહ તથા અનન્ય ભક્તિ છે, છતાં તું તેમને ઊલટો અર્થ સમજાવી મદ્યના સેવનમાં જોડે છે.

હે મદિરે ! તું મૂર્ખશિરોમણિની અધિષ્ઠાત્રી છે. કલાલના પીઠામાં તારું સામ્રાજ્ય છે. જ્યાં મૂર્ખશિરોમણિઓ પોતાના પૈસા તને અર્પણ કરી ગાંડા થાય છે, પરસ્પર ગાળાગાળી તથા મારામારી કરે છે, પદાર્થો ભાંગેફોડે છે, રોવે છે, હસે છે, અપશબ્દો બોલે છે, ભૂમિની શુદ્ધિઅશુદ્ધિનો તથા આસપાસની સ્થિતિનો વિચાર કર્યા વિના અપવિત્ર ભૂમિપર પડે છે, ને પવનથી ઝોકાં ખાતા હોય તેમ પગના સામર્થ્યથી રહિત થયેલા ત્રાંસા ત્રાંસા ચાલવા લાગે છે.

તારા કેટલાક ઉપાસકો તારું આશરે કલાકે કલાકે સેવન કરે છે, તારા કેટલાક ઉપાસકો સવાર, બપોર, ને સાંજ એમ ત્રિકાળ તારું સેવન કરે છે, કેટલાક સવારસાંજ તારું સેવન કરે છે, ને કેટલાક નિત્ય

ભોજન કરવા બેસતાપહેલાં ને કેટલાક શયન કરવાપહેલાં તારું સેવન કરે છે. આવા દ્રવ્ય આપીને તારા દાસ થયેલા ભક્તોઉપર તુંજ તેમની પૂજ્ય દેવી હોવાથી દયા કરવાને સમર્થ છે.

તારા ભક્તો રાત્રે જ્યારે તારી ઉપાસના કરવા બેઠા હોય ત્યારે તેમની સ્થિતિ જોવાજેવી હોય છે. પ્રથમ તો તારું સામીપ્યજ તેમને થોડા ઉન્મત્ત કરી દે છે, તેથી તેમની વાણીનું ને મુખાકૃતિનું ઠેકાણું રહેતું નથી. પછી જેમ જેમ તેઓ તારી ઉપાસનાવડે તારીસાથે અભેદ પામતા જાય છે તેમ તેમ તારું સામર્થ્ય તેમનામાં સ્પષ્ટ પ્રતીત થવા લાગે છે. કોઇ હસવા લાગે છે, કોઇ અપશબ્દો બોલવા લાગે છે, કોઈ પરસ્પર ગાળાગાળી કે મારામારી કરવા લાગે છે, કોઇ પ્રલાપ કરવા લાગે છે. કોઇ રોવા લાગે છે, કોઇ પાસેના પદાર્થો ભાંગવાફોડવા લાગે છે, ને કોઇ મૂર્ચ્છિત થઇ પડે છે. બીજા વિવેકીને આ દેખાવ ઘણો-જ નઠારો લાગે છે, છતાં તારી ઉપાસનામાં અંધ થયેલા તારા અનન્ય ભક્તોને તારો વિયોગ સહન થતો નથી, ને બીજે દિવસે પુનઃ તેવી ને તેવી ક્રિયામાં તેઓ મૂર્ખ થઇને પ્રવૃત્ત થાય છે, તેથી જણાય છે કે એમણે પોતાનાં તન, મન, ને ધન તનેજ અર્પણ કર્યાં છે. આવા અનન્યભક્તોને જગત્માંના તેમના ધન, તન, ને મનોબળરૂપ પદાર્થોથી વહેલો મોક્ષ કરાવનારી તુંજ છે.

વામમાર્ગીઓ તને તીર્થ કહે છે, તને ઉત્પન્ન કરનાર વા વેચ-નારને દીક્ષિત કહે છે, ને તારા પાત્રને પદ્મ કહે છે. આ સર્વ તેમના કેવળ વિપરીત સંકેતો ત્હારી ભુરકીના પ્રતાપે પ્રાદુર્ભાવ પામ્યા છે. તેઓ સ્વેચ્છે જ્યારે ધર્મનું બાનું કાઢી તારા સેવનમાં પ્રવૃત્ત થાય છે ત્યારે તારી સેવા કરવામાં ન્યૂનતા રાખતા નથી. કોઈ સ્ત્રીએ તારી ઉપાસના કરી હોય તો તારા તે અવશેષ એઠા ભાગની બીજા પુરુષો પ્રસન્નમને

સેવા કરવા લાગે છે, ને કોઈના પેટમાં તારો સમાસ થવાની જગા ન હોય ને તું તેના મુખવાટે પાછી બહાર પડે તો તારા અનન્ય ભક્તો તને ભૈરવી જાણી ભૂમિઉપર પડવા દેતા નથી, પણ અધર ને અધર-થીજ તેને ઉપાડી લઇ તારી ઉપાસના કરવા લાગી જાય છે ! આવી રીતે તારા અનન્યભક્તોને જીવતાં પ્રેત બનાવી દેનારી તું સર્વથા પ્રબળ સામર્થ્યવાળી છે એમાં સદેહ આણવા યોગ્ય નથી.

યુરોપ, અમેરિકા, આફ્રિકા, ને આસ્ટ્રેલિયામાં તારું સામ્રાજ્ય છે, એમ કહીએ તો તેમાં કાંઇ અતિશયોક્તિ થતી હોય એમ જ-ણાતું નથી. એશિઆમાં પણ તું ઉત્તરોત્તર તારો વધારે પગપેસારો કરતી જાય છે. ભરતખંડમાં પણ ન્યૂનાધિક અંશે સર્વ વર્ણ ને આ-શ્રમમાંના કેટલાક મનુષ્યો તને સેવે છે. કેટલાક સંન્યાસીઓ, બ્રાહ્મણો, બ્રહ્મચારીઓ, કાનફટાઓ, અંતીતો, વણિકો, ભાટીઆઓ, બ્રહ્મક્ષત્રિયો, લુવાણાઓ, ને ભણસાળી આદિ તારી ઉપાસના કરે છે. રજપૂતો, કાઠીઓ, ને ખારવા આદિ જાતિઓ તો પ્રકટપણે તારી સારી રીતે ઉપાસના કરે છે. તું જડ છતાં પણ ઉપર દર્શાવ્યા પ્રમાણે ઘણા મનુષ્યોપર તારું સ્વતંત્ર રાજ્ય ચલાવે છે, તેથી તટસ્થ મનુષ્યોને પણ તારામાં વિચિત્ર પરાક્રમ રહેલું છે એમ સ્વીકાર્યા વિના ચાલતું નથી.

આ મદિરાની અનન્ય ઉપાસનાથી મનુષ્ય શીઘ્ર દેહગેહાદિ લૌકિક બંધનોથી ને સ્વર્ગાદિ અલૌકિક બંધનોથી અનાયાસે મોકળો થાય છે !

આ મદિરાસ્તોત્રનો જે મદિરાભક્ત વિવેકપૂર્વક પાઠ કરશે તે મદિરાનું સેવન, સ્મરણ, તથા ધ્યાન ત્યજી સેવન, સ્મરણ તથા ધ્યાન કરવાયોગ્ય પરમાત્માનું સેવન, સ્મરણ, તથા ધ્યાન કરી પો-તાનું કલ્યાણ સાધશે.

॥ अथ चास्तोत्रम् ॥

ॐ । अस्य चास्तोत्रलघुमालामंत्रस्य श्रीविवेक ऋषिः । गणनारहितछन्दः । चादेवी देवता । आलस्यनिवारणभ्रांतिरिति बीजम् । स्वधर्मादिहानिरिति शक्तिः । व्यसनत्यागे निर्बलतेति कीलकम् ॥

अथ करन्यासः॥ प्रातःकाळमां अनायासे पोतानुं स्मरण करावनाना सामर्थ्यवाळी इति अंगुष्ठाभ्यां नमः । पोतानी अप्राप्तिमां बगासांआदिद्वारा व्याकुळता उपजाववानी शक्तिवाळी इति तर्जनीभ्यां नमः । द्रव्यादिनो निरर्थक व्यय करावनाना बळवाळी इति मध्यमाभ्यां नमः । अपवित्रतादि वधारनारी इति अनामिकाभ्यां नमः । नगर ने ग्रामादि विविध स्थळमां प्रतीत थनारी इति कनिष्ठिकाभ्यां नमः । लोकोनुं आकर्षण करी घणाओने प्रिय थइ पडेली इति करतलकरपृष्ठाभ्यां नमः ॥ इति करन्यासः ॥

अथ हृदयादिन्यासः ॥ प्रातःकाळमां अनायासे पोतानुं स्मरण करावनाना सामर्थ्यवाळी इति हृदयाय नमः । पोतानी अप्राप्तिमां बगासांआदिद्वारा व्याकुळता उपजाववानी शक्तिवाळी इति शिरसे स्वाहा । द्रव्यादिनो निरर्थक व्यय क-

रावचाना बळवाळी इति शिखायै वषट् । अपवित्रतादि वधार-नारी इति कवचाय हुम् । नगर ने ग्रामादि विविध स्थळमां प्रतीत थनारीं इति नेत्रत्रयाय वौषट् । लोकोनुं आकर्षण करी घणाओने प्रिय थइ पडेली इति अस्त्राय फट् ॥ इति हृदयादिन्यासः ॥

चाप्रीत्यर्थे पाठे विचारे च विनियोगः ॥

अथ ध्यानम् ॥ चीन, आसाम, नीलगिरि, लंका, ने कांग्राखीण आदि विविध स्थळमां उत्पन्न थनारी, घणां बाळक युवान ने वृद्ध स्त्रीपुरुषोना हाथमां विविध पात्रोमां उष्ण जलादिसाथे प्रातःकाळमां तथा सायंकाळमां तेमना उद्धारमाटे स्थिति करनारी, ने पोताना उपासकोमां अत्यंत मान पामेली मातृका चादेवीनुं तेमना भक्तो पोताना हृदयमां निरंतर मानपूर्वक ध्यान करे छे ॥ इति ध्यानम् ॥

હે ચાદેવિ ! તારી શક્તિ અપાર છે. તારામાં શરીરસામર્થ્ય વધારવાનું વા સપ્ત ધાતુઓમાંના કોઇ પણ ધાતુને પુષ્ટ કરવાનું લેશ પણ સામર્થ્ય નથી, છતાં ઘણા લોકો સવારસાંજ તારું પ્રીતિપૂર્વક ઉપાસન કરે છે, એ તારી અદ્ભુત શક્તિનું ડિંડિમ છે !

ચા પીધાથી મસ્તિષ્કમાં સ્ફૂર્તિ આવે છે, આળસ દૂર થાય છે, પાચનશક્તિ સુધરે છે, મન ને ઇંદ્રિયો પ્રસન્ન થાય છે, ને પ્રાપ્તવ્યવહાર કરવામાં રુચિ ઉપજે છે, આવા આવા વિચારોને મનુષ્યોના -

દયમાં તું તારી સંમોહનશક્તિવડે અનાયાસે ઉપજાવે છે, તેથી તું ખરે-ખર નમસ્કાર કરવા યોગ્ય છે!

તારામાં જગન્નાથજીના જેવું આશ્ચર્યકર બળ પ્રતીત થાય છે. તારા ઉપાસનમાટે ઉત્તમ જાતિના આર્યો ઇરાની આદિની દુકાનોમાં જાય છે, જ્યાં પવિત્ર પાણી તથા પાત્રાદિનો અસંભવ હોય ત્યાં પણ બ્રાહ્મણાદિ તારું સેવન કરે છે, આગગાડીમાં પણ પ્રવાસિજનો પવિત્રના આદિના પોતાના વિચારોનો ત્યાગ કરી આતુર મને તારું ઉપાસન કરે છે, કેટલીક વેળા તું અનાર્યોવડે એક વાર વપરાઇ છતાં તારો આર્યો બીજી વાર ઉપયોગ કરે છે, અને મેળાવડામાં એક પાત્રમાં ભરેલા જળમાં શીઘ્ર ચાના પ્યાલાઓ ધોઇ ક્રમપૂર્વક વપરાય છે, એમ જાણતાં છતાં ઘણા ઉત્તમ જાતિના આર્યો તેભણી અલક્ષ્ય કરી પ્રસન્નમને તારી ઉપાસના કરે છે, એ તારું પૂર્વોક્ત બળ સ્પષ્ટ સિદ્ધ કરે છે.

તું મહામાયાની પેઠે સર્વત્ર વ્યાપેલી જણાય છે. એશીઆ, યુરોપ, અમેરિકા, આફ્રિકા, ને આસ્ટ્રેલિયામાં તારો નિવાસ છે; ચીના લોકો તારો કલાકે કલાકે સત્કાર કરે છે એમ સંભળાય છે; ને ભરતખંડમાં પણ દિન પ્રતિદિન તારો સત્કાર વધતો જાય છે. નગરોમાં ચા, ગામડા-ઓમાં ચા, સાધુઓના અખાડાઓમાં ચા, મિત્રમંડળમાં ચા, પુરુષોના મિલાવડામાં ચા, ને બાઇડીઓના મિલાવડામાં પણ ચા જોવામાં આવે છે, એમ સર્વત્ર વ્યાપી રહેલી હે ચા! તું મહામાયાની સ્પર્ધા કરતી હોય એમ જણાય છે!

મિત્રના સત્કારમાં ચા, અતિથિના સત્કારમાં ચા, સંબંધીના સ-ત્કારમાં ચા, પ્રિયના સત્કારમાં ચા, ને પ્રિયાના સત્કારમાં પણ ચા વપરાતી જોઈ હે ચા! કયો સમજુ માણસ પોતાના બંને કાનની બૂટો ઝાલીને તારી મોટાઇનો સ્વીકાર ન કરે?

સાંજસવાર સંધ્યાવંદન, પ્રભુસ્તુતિ, જંપ, ને શાસ્ત્રવાચન આદિ ઉપયોગી કર્મ આખું કુટુંબ એકત્ર થઇને પ્રેમભાવથી ભાગ્યેજ કરતું જોવામાં આવે છે, પણ તારી ઉપાસના તો નાનાં બાળકથી માંડી ઘરનાં વૃદ્ધ માણસોસુધી સર્વ એકત્ર થઇ સાંજસવાર પ્રસન્નતાપૂર્વક કરે છે એટલુંજ નહિ, પણ કોઇ તેમને ઘેર આવે તો તે આવેલા માણસને પણ તારી ઉપાસના કરવાનો તેઓ આગ્રહ કરે છે, આ બનાવ જોઇ તારી મહત્તાનું ભાન કોને ન થાય?

તું મનુષ્યના જઠરાગ્નિને મંદ કરે છે, નાનાં બાળકોમાં પ્લીહાની વૃદ્ધિ કરે છે, અન્નાદિ શરીરના પોષક પદાર્થોમાં મનુષ્યોને જોઇએ તેવી રુચિ ઉપજવા દેતી નથી, તેમના શરીરમાંનાં લોહી ને મજ્જાદ્રવ્યાદિને અયોગ્ય ઉષ્ણતા આપી તેમના મનમાં રજોગુણની વૃદ્ધિ કરે છે, બંધકોશ કરે છે, રાત્રે તારી સેવા થઈ હોય તો મન તથા ઇંદ્રિયોને શાંતિ આપનારી નિદ્રાનો કેટલોક સમય વિયોગ રખાવે છે, ને નાનાં બાળકો કે જેમને ગળપણ સ્વભાવથી ગમે છે તેમને તેમનાં માબાપો-દ્વારા તારાં ઉપાસક કરી લોહીવિનાનાં ને ફીકાફચ્ચ મોઢાવાળાં રાખે છે, છતાં તું તારા દીવાજેવા દોષોને તેમનાથી અત્યંત ગુપ્ત રાખી તારા ઉપાસકોદ્વારા તારા ગુણોનુંજ ગાન કરાવ્યા કરે છે એ તારો મહિમા નાનો સૂનો નથી!

તું પ્રથમ શ્લેષ્મ, પેટની બાદી, કે શરદી દૂર કરવાના બાના-થી અથવા બહારની ટાઢસામા શરીરને જાગ્રત રાખવાના બાનાથી કિંવા વિનોદ ઉપજાવવાના બાનાથી મનુષ્યોના પ્રસંગમાં આવી તેમને ક્રમાત્ એવા વશ કરી લે છે કે તેઓ વછી તારો સંગ છોડી શકતા નથી. આ તારું ચાતુર્ય અતિથી ઘરધણી થઈ બેસે તેના જેવુંજ જણાય છે!

તારા ભક્તોને અન્યાશ્રયી થઇ જવાનું બહુ ભય લાગતું હોય એમ જણાય છે, કેમકે તેઓ જે જે દુઃખનું બાનું બતાવી તારૂં નિત્ય સેવન કરતા હોય છે તે સર્વ દુઃખ અન્ય નિર્દોષ ઉપાયથી સુખપૂર્વક દૂર કરી શકાય એમ હોય છે, છત્તાં તેઓ તે ઉપાય કરતા નથી, ને નિત્ય તારૂંજ સેવન કર્યાં કરે છે. એવા અનન્યાશ્રયીનો ઉદ્ધાર કરવાને હે દેવિ! તુંજ સમર્થ છે!

જે સ્થાનમાં સાંજસવાર તારી પૂજા થાય છે ત્યાં તે સ્થાનના તારા ઉપાસકોવિના બીજા પણ કેટલાક મફતીઆ ઉપાસકો પોતાના અગત્યના કામને તિલાંજલિ દઈ તારી ઉપાસના કરવાના સમયનું પરિપાલન કરવા દીનમુખવાળા થઇ બેઠેલા જોઇ તારી અગાધ લીલાનું ઉદાસીન જનોને પણ સ્પષ્ટ ભાન થાય છે!

એક દોષ અનાયાસે બીજા દોષોને ઉપજાવી શકે છે એ વાત માંસાહારી લોકોને મદ્ય પીવાનું વ્યસન થાય છે તેથી સિદ્ધ થાય છે, એવા બે દોષવાળાને તારી સેવાની પણ પછી ઇચ્છા થાય છે. માંસનો આહાર કરનાર તથા મદ્યપાન કરનારને તેમની સ્થૂળબુદ્ધિથી તારી સેવાની કદાચ્ અગત્ય જણાતી હોય, પણ વનસ્પતિનો આહાર કરનારને તો તારી સેવાની લેશ પણ અગત્ય નથી, છતાં તું તેમના વિવેકને ઢાંકીને તારી ઉપાસનામાં જોડે છે, એ તારી વિવેકને આચ્છાદન કરવાની શક્તિ અદ્‌ભુત છે!

ધનાઢ્ય ગૃહસ્થોને ત્યાં તથા મોટા સત્તાધિકારિઓને ત્યાં પ્રાતઃકાળથી રાત્રિના દશ વાગ્યાસુધી તું વારંવાર ઉષ્ણ જળમાં સ્નાન કરતી જોવામાં આવે છે, એ તારૂં વિલક્ષણ તપ તારા માહાત્મ્યને પ્રકટ કરનારૂં છે!

તારા મહિમાનું કેટલું ગાન કરવું? કેટલાક મનુષ્યો પોતાના મિત્રને ત્યાં જઈ બળાત્કારે તારી ઉપાસના કરવાની જોગવાઇ કરી આપવાની સૂચના કરે છે, ને કેટલાક ઉપરિઓ પોતાના સેવકોને ત્યાં જઇ એવી આજ્ઞા કરે છે, એ સર્વ ક્રિયા તારા પ્રતિ તેમની અનન્ય ભક્તિ દર્શાવી તારા મહિમાનેજ પ્રકટ કરે છે!

તારા આગમનપૂર્વે પણ લોકો એકબીજાને ત્યાં જતા, ને તેમનો પરસ્પર સત્કાર થતો, પણ હવે તારા વિના તેમને અન્ય કાંઇ સત્કાર કરવાના સાધનરૂપે પ્રતીત થતું નથી, ને ગામડિયા લોકો પણ "સા" કરવા શીખ્યા છે, એ સર્વ તારું અદ્ભુત પરાક્રમ છે!

લોકો ગતાનુગતિક છે એ વિદ્વાનોનું કથન જ્યાંત્યાં તારો અધિક પ્રસાર થતો જોઇ પૂર્વપક્ષીને પણ સંદેહરહિત થઇ સ્વીકારવું પડે છે. નિર્મળ જળ ને દૂધ આદિ ઉત્તમ પેય પદાર્થોને ત્યજી દેખાદેખીથી વિનાવિચારે તારા ભણી લોકોનું ચિત્ત ખેંચાય છે, ને તારા ઉપાસકોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે, જે અસરમાંથી નિર્ધન મનુષ્યો પણ મોકળા રહી શકતા નથી. આવા તારા ઉપાસકોને જો કોઇ ગાડરની ઉપમા આપે તો તું તેના પર કોપ કરીશ નહિ, કેમકે તું બળવાન્ છે, ને બળવાન્નું ક્ષમા એ ભૂષણ છે.

દેવમંદિરમાં તને ઉકળાતી જોઇ તને પરમેશ્વરથી શ્રેષ્ઠ એટલે કોઇ પરમેશ્વરની ઉપમા આપવી જોઇએ. જે ઘરમાં પતિને ચાવિના ચાલતું હોય પણ પત્નીને સાંજસવાર ચાવિના નજ ચાલતું હોય તેમની પતિભક્તિને, ગુરુને ચાવિના ચાલતું હોય પણ ચેલાઓને સાંજસવાર ચાવિના નજ ચાલતું હોય તેમની ગુરુભક્તિને, ને જે સંન્યાસી, બ્રહ્મચારી, ને વિધવાને સાંજસવાર ચાવિના નજ ચાલતું હોય તેમના સંન્યસ્તને, બ્રહ્મચર્યને, ને વૈધવ્યને તુંજ ધૂળ મેળવે છે, તેથી

તારી દ્રોઢ પારમેશ્વરી શક્તિ સ્પષ્ટ થાય છે ! પ્રાણાયામ, ધારણા, ને જપ કરનારા પણ જો પ્રથમ તારું સેવન કર્યાં પછી પોતાના કામમાં પ્રવૃત્ત થતા હોય તો તેમના સાધનકરતાં તુંજ નિઃસંશય શ્રેષ્ટ છે. આવું તારું અલૌકિક બળ જોઇ તટસ્થ મનુષ્યનું મન ચકિત થઇ જાય એ સ્વાભાવિક છે.

સજ્જનના સત્કારની પૂર્વે દુર્જનનો સત્કાર કરવો ઉચિત છે, એ ન્યાયે આ તારું સ્તોત્ર પણ તારા ગુણનો વિચાર કરી કરાયું છે, ને તે સાર્થક છે.

આ સ્તોત્રનો જેઓ શ્રદ્ધાભક્તિથી સમજપૂર્વક પાઠ કરશે તેઓ ભગવતી ચાદેરીના પ્રસાદથી તેની સત્તાના પ્રદેશનું ઉલ્લંઘન કરી સુખી થશે. ભગવતી મહામાયાના સ્તવનવડે તેમની કૃપાથી જેમ તેમનો શુદ્ધ ઉપાસક તેમની સતાનું ઉલ્લંઘન કરે છે તેમ આ ચાદેરી પણ ભગવતી મહામાયાના અંશરૂપ માતૃકા છે તો તેની કૃપાવડે પણ તેની સત્તાનું ઉલ્લંઘન કરી શકાય તો તેમાં કાંઇ આશ્ચર્ય નથી. જેઓ પોતાના પુરુષાર્થથી વા તારી કૃપાથી મનોબળ વધારી તારી સત્તાનું ઉલ્લંઘન ન કરી શકે તેઓ બીજા પ્રબળ વિકારોનું શી રીતે ઉલ્લંઘન કરી શકે ? ને કૃતાર્થ પણ શી રીતે થઇ શકે ?

જેઓ આત્માથી ભિન્ન ને પરમપ્રિય માને છે તેમને “ તમારું પરમપ્રિય તમને રોવરાવશે, ” એમ બ્રહ્મવેત્તાઓ કહે છે. તેમનું તે વચન મુમુક્ષુને આશીર્વાદરૂપ થાય છે, કેમકે તેઓ અનિત્ય પદાર્થોમાંથી પરમપ્રીતિ ત્યજી પરમપ્રીતિ રાખવાયોગ્ય પરમાત્મામાં પરમપ્રીતિ રાખી કૃતાર્થ થાય છે, ને વિષયી જીવો તેમના વચનનું તાત્પર્ય નહિ સમજી પુત્રાદિને પરમપ્રિય માને છે, માટે તેમનું તે વચન તેમને શાપરૂપ થાય છે, ને તેથી તેમનું પરમપ્રિય જે વિનાશી છે તે તેમને વારંવાર

રોવરાવે છે. એ ન્યાયે જેઓ ચાને પરમપ્રિય માને છે તેમને ચા પણ રોવરાવશે. આ ચાસ્તોત્રનો પાઠ જેઓ અનુકૂળ બુદ્ધિથી કરશે તેઓ ચામાંથી ચાહ (પરમપ્રીતિ—વ્યસન) ત્યજી પરમાર્થના સાધનમાં આગળ વધશે, ને જેઓ આ ચાસ્તોત્રનું તાત્પર્ય નહિ સમજી ચાનું પૂર્વવત્ આગ્રહપૂર્વક ઉપાસન કર્યા કરશે, ને ચામાંથી ચાહ (પરમપ્રીતિ—વ્યસન) નહિ ત્યજે તેઓ "જે વાર્યા ન માને તે હાર્યા માને" એ ન્યાયે જ્યારે પોતાના દુર્વ્યસનનું દુઃખરૂપ ફળ અનુભવશે ત્યારે તેમાંથી પરમપ્રીતિ–વ્યસન–ત્યજશે.

આ ચાના સ્તોત્રવડે તેની સખી કાફીનું તથા તેના સખા કોકોનું પણ સ્તોત્ર કરાયું છે એમ સમજી તેઓ પણ પોતપોતાના ઉપાસક ઉપર પ્રસન્નતા દર્શાવી પોતાના પંજામાંથી તેમને મોકળા કરશે.

ચાદેવીના સ્તોત્રરૂપ જે આ લઘુસ્તવન કર્યું છે તેથી ચાદેવીના અધિષ્ઠાનરૂપ પરમાત્મા પ્રસન્ન થઇ ચાદેવીના ઉપાસકોને શુભ બુદ્ધિ આપવા કૃપા કરો.

॥ अथ तमाकुस्तोत्रम् ॥

ॐ । अस्य तमाकुस्तोत्रलघुमालामंत्रस्य श्रीविवेक ऋषिः । असंज्ञछंदः । तमाकुदेवी देवता । मनमां चंचळता उपजाववाना सामर्थ्यवाळी एवी भ्रांति इति बीजम् । स्वध-

मोदिनी हानि इति शक्तिः । व्यसनत्यागमां निर्बळता इति कीलकम् ॥

करन्यास तथा हृदयादिन्यास विवेकीएं पोतानीमेळे योजी लेवा ॥

तमाकुप्रीत्यर्थे पाठे विचारे च विनियोगः ॥

अथ ध्यानम् ॥ छींकणी ए रसिकजनोने आनंद उपजावनारी तथा मगजना व्याधिओ दूर करनारी छे, तेथीज हिंदीभाषामां तेनुं हुलास एवु नाम छे, बीडी होको ने चिरुट जठराग्निने प्रदीप्त करी पेटमांनी बादी दूर करे छे, ने मळने साफ उतारे छे, जरदामां पण एवाज गुणो रह्या छे, आ सर्व तेना गुणो तेना कृपापात्र भक्तोविना अन्य मनुष्योने तेओ करोडो वर्ष यत्न करे तोपण नहि समजी शकाय एवा छे ! तथा तेना कृपापात्र भक्तो तेनी विशेष कृपा मेळववा तेनुं अहोनिश श्रद्धाभक्तिथी ध्यान करे छे ॥ इति ध्यानम् ॥

કેટલાક મનુષ્યો તને હોકાની ચલમમાં નાંખીને, કેટલાક મનુષ્યો તને ચલમમાં નાંખીને, કેટલાક મનુષ્યો તને આસોંદ્રાના પાનડામાં કાગળમાં કે નાની હોકલીમાં નાંખીને, ને કેટલાક મનુષ્યો તારાં પાનડાંઓને એકત્ર કરી ચિરુટ બનાવી હોય તેને પીએ છે; કેટલાક મનુષ્યો તારો ભૂકો કરી તેમાં ચૂનો મેળવી ખાય છે, ને કેટલાક તારી ગોળીઓ બનાવી હોય તે ખાય છે; અને કેટલાક મનુષ્યો તને દળેલી સ્થિતિમાં સુંઘે છે, અથવા પોતાના દાંતોને લગાડે છે. એવી રીતે

ભિન્ન ભિન્ન માણસો ભિન્ન ભિન્ન પ્રકારે તારો ઉપયોગ કરે છે. એમ પૃથિવી ઉપરનાં ઘણાં માણસોને તેં તારે વશ કર્યાં છે, એ તારી સંમોહનશક્તિ વિસ્મય પમાડનારી છે!

તું પ્રથમ અમેરિકાના જંગલી લોકોમાં પૂજાતી, પણ સુધરેલા દ્વીપના લોકો તને ન પૂજે એ તને ઠીક લાગ્યું નહિ, તેથી તેં તેમના ઉપર કૃપા કરવા આશરે સાડા ત્રણસો વર્ષઉપર ફ્રાન્સીસ્કો ફરનાંડેઝઆદિની સાથે યુરોપમાં પ્રવેશ કર્યો, ને ત્યાં શીઘ્ર પોતાનું સામ્રાજ્ય સ્થાપી પછી આફ્રિકા, એશીઆ ને આસ્ટ્રેલીઆઆદિમાં પણ તેં ક્રમાત્ શીઘ્ર પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું. પૃથિવીઉપર કોઇ રાજાનું લૌકિકસામ્રાજ્ય કે કોઇ ધર્માચાર્યનું ધાર્મિકસામ્રાજ્ય તારા જેવું વિસ્તાર પામેલું નથી. કોણ તને પૂજતું નથી? હિંદુઓ, જૈનો, બુદ્ધો, મુસલ્લમાનો, ખ્રીસ્તીઓ, યાહુદીઓ ને અન્ય જંગલી પ્રજાઓ એ સર્વ તારું ભાવપૂર્વક અહોર્નિશ સેવન કરે છે. આમ અલ્પ સમયમાં તેં તારું નિષ્કંટક સામ્રાજ્ય સ્થાપી લોકોને પોતાના મોઢામાંથી ધુમાડોઆદિ કાઢતાં શીખવી તેં તારો અલૌકિક મહિમા પ્રકટ કર્યો છે!

તું ગુપ્તરીતે મનુષ્યોને વશ કરે છે. પ્રથમ તું લોકોને માત્ર તારું સ્વરૂપ જોવા નિમંત્રણ કરે છે, પછી ઉદાસીનપણે તેઓને તારા પ્રસંગમાં લાવે છે, પશ્ચાત્ તેમને કિંચિત્ દુઃખ થાય તોપણ તેઓ તારો સંગ સેવવા લાગે એવી સ્થિતિમાં મૂકે છે, ને અંતે તું તેમને તારા ગુલામ કરી મૂકે છે, એ તારું પરાક્રમ તટસ્થ પુરુષોના મનને પણ વિસ્મય પમાડે છે!

પરમાત્માએ મનુષ્યોને પોતાનું નામસ્મરણ કરવા, કીર્તનભક્તિ કરવા, સદુપદેશ કરવા, ને પ્રાણધારણમાટે પવિત્ર પદાર્થો ભક્ષણ કરવા મુખ આપ્યાં છે, તેમાંથી નાનામોટા મનુષ્યો તારા કૃપાકટાક્ષવડે ધૂમા-

ડાના ગોટેગોટ કાઢવા લાગી જ્વાળામુખીપર્વતોજેવા દેખાય છે, વા પોતાના મુખને દુર્ગંધનું સ્થાન બનાવે છે, ને દાંતને જોવા ન ગમે એવા મલિન કરે છે, એ સર્વ કર્મ સજ્જનોના હૃદયને જોકે ખેદ ઉપજાવનારાં છે, તોપણ નિઃસંશય તારો તો મહિમાજ પ્રકટ કરનારાં છે.

દશવીશ હોકાના કે ચલમના બંધાણી બેઠાહોય તેમાં એક હોકા કે ચલમને તેમના ઉપર કૃપાની વૃષ્ટિ કરવા ફરતાં જોઈ તે હોકાની કે પીવાની ચલમમાં વિરાજમાન્ થયેલી જે તું તે તારું ભક્તવત્સળપણું કોને સ્પષ્ટ ન થાય?

સર્વ ભૂતોના હૃદયમાં પરમાત્મા રહ્યા છે એમ સતશાસ્ત્રો પોકારીને કહે છે, તે હૃદયમાં તારા ભક્તો ધુમાડો ભરીને વા તારો વિષમય રસ ભરીને પરમાત્માને ક્લેશ આપે છે, તેથી એમ જણાય છે કે તારા અનન્ય ભક્તોને વિશ્વાસ છે કે જો તારી તેમના ઉપર કૃપા છે તો તેમને પરમાત્માની કૃપા કે અવકૃપાની કાંઇ પણ દરકાર નથી.

તારામાં વિષ રહેલું છે. તારો અર્ક જો થોડા પ્રમાણમાં શ્વાનને આપ્યો હોય તો તે મરણ પામે છે. તું તે સામર્થ્યવડે લોકોનાં માથાં ફેરવે છે, વમન કરાવે છે, દાંત કોહવરાવે છે, કફ ને પિત્તની વૃદ્ધિ કરે છે, આંખોને હાનિ પહોંચાડે છે, તેમના પેટમાં દાહ ઉપજાવે છે, ને ક્વચિત્ તેમને રૂધિરસ્રાવ પણ ઉપજાવે છે, છતાં તારા અનન્ય ભક્તો તારામાં પૂજ્યભાવ રાખી તારું પ્રસન્નમને ઉપાસન કરે છે, તો હે દેવી! તું તેમના ઉપર સતત કૃપા કરવાને યોગ્ય છે!

હોકાની ને બાદલવાથી, વા તેઉપર હાથ ફેરવવાથી, તથા ચલમની, સાફી બાદલવાથી ચઢતીઊતરતી જાતિવાળાને પરસ્પરમાં વટાળ થવાનો લેશ પણ ભય રહેતો નથી, ને યવનપાસેથી બીડી માગીને ભાંગી તેમાંનો જરદો બ્રાહ્મણો પણ ખાવા લાગે છે, તથા તપખીરની એક ડા-

બલીમાંથી ઉંચનીચ સૌ પોતપોતાનું જાત્યભિમાન ત્યજી તપખીર સુંઘે છે, ને સુગ લાવતા નથી, એ સર્વ તારો મહિમા અવર્ણનીય છે ! જરદો ચાવનારના ઘરની ભીંતો ખૂણા ને ફળીઉં, હોકો ચલમ કે બીડી પીનારના ઘરનું ફળીઉં, ને તપખીર સુંઘનારના અંગરખાની ચાળ ધોતીઉં કે પછેડી એ સર્વ મલિન જોઇ તારા સેવનવડે તેમનામાંથી પવિત્રતા કિંવા સ્વચ્છતા સાચવવાની બુદ્ધિ કેવી નાશ પામી ગઇ છે તે સર્વને સ્પષ્ટ થાય છે. અતએવ તારો પ્રભાવ અકથ્ય છે !

તારા ભકતોને તારા વિના તાંબૂલ રુચિકર લાગતું નથી, તારા સેવનથી તારા ઉપાસકોના મુખમાંથી દુર્ગંધ નીકળે છે છતાં તેઓ તેનો વિચાર કરતા નથી, વારંવાર થુંકવાથી અન્નને પચાવનાર રસનો નિરર્થક વ્યય થાય છે તેનું પણ તેઓ સ્મરણ કરતા નથી, ચૂનાની ડાબલીમાં તેઓ ગમે તેવું પાણી મેળવે છે, ને તારી સાથે ચૂનાને મેળવી હાથથી તને ત્રણ વાર વિનોદપૂર્વક શિક્ષા કરી પોતાના મુખમાં મૂકે છે. તારા ઉપાસકોની એ સર્વ પ્રવૃત્તિ જોઇ તેં તેમને ઉન્મત્ત બનાવી દીધા છે એ સર્વને સ્પષ્ટ સમજાય છે.

કેટલીક સ્ત્રીઓ તારું અપૂર્વ માહાત્મ્ય સમજી તને પ્રેમપૂર્વક પોતાના ઉજ્જ્વલ દાંતોપર ઘસી તેમને જોના ન ગમે એવા મલિન કરે છે, તેઓ તારા સેવનથી વારંવાર વમન વા ઉબકા કરે છે, ને પોતાના મુખને દુર્ગંધથી યુકત કરે છે, છતાં સ્નેહથી સવાર, બપોર, ને સાંજ તેમને તારું સેવન કરતી જોઈ તેં તેમનો કોમળ સ્ત્રીસ્વભાવ કેવી રીતે દૂર કરાવી દીધો એ સહજ સ્પષ્ટ થતું નથી.

તારાં પાનડાં જ્યારે છોડપર લીલાં હોય છે ત્યારે તેમને ઝીણા જંતુઓ ન ખાઈ જાય માટે તેમના પર યવન કે ભીતરતા વર્ણના હિંદુઓ કોગળા છાંટે છે, તથા અસંખ્ય જંતુઓને વીણી દૂર કરે છે.

આમ તારી ઉત્પત્તિમાં અપવિત્રતા તથા હિંસા રહેલાં છે, પણ એ વિચાર તું તારા ઉપાસકોમાં આવવા દેતી નથી, તેથી તને ધન્ય છે !

નાનાં બાળકો બીડી પીતાં શીખ્યાં છે, જુવાન વિદ્યાર્થીઓ બીડી કે ચિરૂટ પીતાં શીખ્યા છે, ઘણા જુવાનો ને વૃદ્ધોને હોકાવિના ચાલતું નથી, ઉતરતા વર્ણની સ્ત્રીઓ પણ બીડી કે હોકો પીવા શીખી છે, અને અતીત બાખી ને સાધુઓને તારાવિના ચાલતું નથી, આ સર્વ જોઇ તારું વશીકરણ કોઈ અલૌકિક છે એમ જણાય છે !

તારા અનન્યભકતોની તારામાં જેવી શુદ્ધ ભકિત છે તેવી તેમની પરમેશ્વરમાં કે ગુરુમાં પણ ભક્તિ નથી ! તેઓ તારુંજ નિરંતર સ્મરણ તથા ધ્યાન કરે છે, પરમેશ્વરનું નિત્ય તારા જેટલું સ્મરણ કે ધ્યાન તેઓ કરતા નથી, અને ગુરુની આજ્ઞા તારા સેવનનો ત્યાગ કરવાની હોય તોપણ તેઓ તારી અપાર કૃપા મેળવવા ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરી ઉત્સાહપૂર્વક પ્રકટ કે અપ્રકટરીતે તારું સેવન કર્યા કરે છે. વળી તેઓ તારા સેવનથી શરીર તથા મગજને હાનિ પહોંચશે એમ થોડુંઘણું સમજતા હોય છે, છતાં શરીર ને મગજના બગાડની પણ દરકાર નહિ કરતાં તેઓ તારું પ્રસન્નમને સેવન કરે છે, તેથી પોતાના શરીર ને મગજકરતાં પણ તેઓ તારું ઉપકારપણું વિશેષ સમજે છે. મનુષ્યને આવી હિતવિઘાતક ઉન્મત્ત ચેષ્ટા કરાવનાર તું અવસ્ય એક પ્રકારે ધન્યવાદને પાત્રજ ગણાવી જોઇએ !

કેટલીક વેળા તારા ભકતોને વિશેષ આનંદ ઉપજાવવા તું ગાંજા તથા ચરસને તારી સાહાય્યમાં બોલાવે છે. ગાંજો કે ચરસ જ્યારે તારી સાહાય્યમાં આવે છે ત્યારે તારા ભકતો ચલમમાં ખૂબ ભડકા કરે છે, ને પોતાનાં કાળજાં બાળી પ્રસન્ન થાય છે, અને પછી રાત્રે તારા ઉત્સવનિમિત્તનું ખોંખોં કરી જાગરણ કર્યા કરે છે. તારા ભકતોને ખા-

વાને અન્ન ન મળે તો ચાલે છે, પણ તારા ને ગાંજાવિના પછી તેમને ચાલતું નથી. આ સર્વ તારી આશ્ચર્યકારક મોહની છે!

તેં સાધુનો વેશ ધરનારાઓને ગુરુમંત્ર આપ્યો છે કે "તમાકુ કે ગાંજો ન પીએ તે સાધુ નહિ, માટે સાધુનો વેશ ધર્યો કે તુરત તમાકુની કે ગાંજાની ચલમ પીતાં તેણે શીખવી જોઇએ." વળી "એક દિવસમાં વધારે ચલમો પીવાય તેમ વધારે ઠીક ગણાય," એમ પણ તેં તેમને સમજાવી રાખ્યું છે, તેથી તેવાઓ પોતાનું સાધુ તરીકેનું યથાર્થ કર્તવ્ય ભાગ્યેજ જાણતા કે આચરતા હોય છે, પણ તારું સેવન કરવામાં તેઓ કદીપણ પ્રમાદ કરતા નથી, તેથી તું સાધુનો વેશ ધરનારના મોટા આચાર્યરૂપ છે, એમ કહેવામાં કાંઇ પણ અતિશયોક્તિ થતી નથી, એ સ્પષ્ટ છે!

તમાકુ તથા ગાંજો પીવાનો અભ્યાસ રાખનારા બ્રાહ્મણો અન્ય લોકોથી પોતાનું દુષ્ટ વ્યસન છુપાવવા ચલમને કંકાવટી ને ગાંજાને શાલિગ્રામ કહે છે. લોકોથી ભય પામી જે કર્મ છાનું કરવામાં આવે તે પાપ એવું જો પાપનું લક્ષણ કરીએ તો જેઓ તારું સેવન એકાંતમાં કરે છે તેઓ એક પ્રકારનું પાપ કરે છે એમજ કહેવું જોઇએ.

કેટલાક બ્રાહ્મણો ને સાધુઓ સ્વપરના હિત માટે વિદ્યાધ્યયન તથા શુભ કર્મનું અનુષ્ઠાન કરવાને સ્થાને તારા ઉપાસનમાં ઘણો સમય ગાળે છે, તથા દ્રવ્યનો નિરર્થક વ્યય કરે છે, એ ખેદની વાર્તા છે, પણ તેઓને તારા ઉપાસનની મોહની એવી લાગી હોય છે કે ભાગ્યેજ તેઓ સારા મનુષ્યોનું કહેવું સ્વીકારે એવી સ્થિતિમાં રહ્યા હોય છે.

જેમના મુખમાંથી સદુપદેશ શુભવાતો કે સતશાસ્ત્રનું ઉચ્ચારણ કિંવા પ્રભુનામસ્મરણ આદિ શુભ શબ્દો નીકળવા જોઇએ તેને બદલે તેમાંથી દુર્ગંધવાળો ધુમાડો નીકળતો જોઇ કયા વિવેકીને ખેદ ન

થાય ? પણ તેમનો એ ખેદ તારા પરાક્રમનું વિલક્ષણ સ્મરણ કરાવનારો હોવાથી તારા માહાત્મ્યને વધારનારો છે !

જેઓને શુભ કર્મ પ્રાપ્ત નથી, વા જેઓ શુભ કર્મ કરવા ઇચ્છતા નથી, એવા નવરા માણસોને તું તારી ઉપાસનામાં જોડે છે, ને પછી પ્રાયશઃ મૃત્યુપર્યંત તેમને છોડતી નથી એ તારું ભક્તવત્સળપણુ કાંઇ ન્યૂન વખાણને પાત્ર છે ? કેટલાક કોઇના ઉપદેશથી વા પોતાને થયેલા દુઃખદ અનુભવથી તારી ઉપાસનાનો ત્યાગ કરે છે. પણ શ્વાન જેમ વમન કરેલાનું પુનઃ ભક્ષણ કરે છે તેમ તેઓ તારી ઉપાસનાનો ત્યાગ કર્યા પછી થોડા સમયમાં પુનઃ પ્રેમથી તારી ઉપાસનામાં તત્પર થઇ જાય છે. મનુષ્યને શ્વાનજેવા સ્વભાવયુક્ત બનાવવાની આ તારી શક્તિ અવશ્ય અલૌકિકજ ગણાવી જોઇએ !

તારું માહાત્મ્ય અપાર છે ! તારૂં માહાત્મ્ય સાંભળી જેઓ પોતાના કાન ઉંચા કરે છે તેઓ અલ્પશ્રુત છે એમજ તારું માનવું છે, તેથીજ તું કેટલાક વિદ્વાનોને પણ “ મનુષ્યોના મગજમાંના ઝેરી જંતુઓનો હું વિનાશ કરું છું, માટે મારું સેવન કરવું લોકોને બહુ ઉપકારક છે, ” એમ સમજાવી તેમને તારા બંદીજનો બનાવે છે !

તારા ભક્તોનાં મન તેં એવાં દુર્બળ કરી નાંખ્યાં હોય છે કે હવે તેમનામાં મન છે કે નહિ તે ઘણી વેળા પરીક્ષકને નક્કી કરવું કઠિન થઇ પડે છે. જરદો ચાવવાનું, છીંકણી સુંઘવાનું, છીંકણી દાંતે દેવાનું, હોકો પીવાનું, ચલમ પીવાનું, કે ચિરૂટ પીવાનું જેમને વ્યસન થયું હોય છે તેમનાથી તે વ્યસન ત્યજી શકાતું નથી, ને કોઇ ત્યજવાનો નિશ્ચય કરે છે તો માત્ર થોડા દિવસજ તેમનાથી તે નભી શકે છે, એને કેટલાકથી યાવજ્જીવન તારા ત્યાગ નભાવવાની પ્રતિજ્ઞા પણ થઇ શકતી નથી, ને જેઓ પ્રતિજ્ઞા કરે છે તેમાંના કેટલાક તે પ્રતિજ્ઞા યથા-

યોગ્ય પાળતા નથી, તેથી ઉપર દર્શાવેલી વાત સુસિદ્ધ થાય છે.

તારા ભક્તોને અન્યાશ્રયી થઇ જવાનું બહુ ભય લાગે છે, તેથીજ તેઓ જે જે દુઃખનું બ્હાનું બતાવી તારું સેવન કરતા હોય છે તે સર્વ દુઃખ નિર્દોષ ઉપાયથી સુખપૂર્વક દૂર કરી શકાય એમ હોય છે, છતાં તેઓ તે ઉપાય કરતા નથી, ને તારુંજ સેવન કર્યા કરે છે.

હે દેવિ ! જે તારું પાનમાં કે ચૂનામાં ભેળવી ભક્ષણ કરે છે, જે તારા સૂક્ષ્મ ચૂર્ણને સુંઘે છે કે દાંતે દે છે, જે તારા ભૂકાને હોકાની ચલમમાં, ચલમમાં, પાનડામાં કે કાગળમાં ભરી પીએ છે, એ સર્વને તારું ખરું સ્વરૂપ સમજાવી તારી સત્તાનું ઉલ્લંઘન કરાવી સુખી કરજે, કેમકે ભક્તોઉપર અનુગ્રહ કરવો એ મોટાઓનો સ્વભાવ છે. એ વાત સાચી છે કે ચિરકાળ તેઓએ તારું પ્રેમપૂર્વક સેવન કરેલું હોવાથી તેઓ તારો વિયોગ સહસા સહન કરી શકશે નહિ, પણ તું તેમને સંયોગને અંતે વિયોગ હોય છે એમ સમજાવી તારા વિયોગથી તેઓ મનમાં ઓછું ન લાવે એમ તેમને વારંવાર સમજાવતી રહેજે, ને જણાવજે કે જો તમે મારી તુચ્છ સત્તાનું ઉલ્લંઘન કરી શકશો નહિ તો બીજા વિકારોનું તથા દસ્ત પ્રપંચનું શી રીતે ઉલ્લંઘન કરી શકશો ? ને કૃતાર્થ પણ શી રીતે થઈ શકશો ?

॥ अफीणस्तोत्र ॥

ૐ. આ અફીણસ્તોત્રલઘુમાલામંત્રના શ્રીવિવેક ઋષિ, સંજ્ઞાહીન છંદ, અફીણ દેવતા, મનમાં આનંદ ઉપજાવવાના સામર્થ્યવાળું એવી ભ્રાંતિ આ **બીજ**, સ્વકર્તવ્યમાં પ્રમાદ ઉપજવી અધઃપાત કરનાર

આ **શક્તિ**, અને તેના વ્યસંનને ત્યજી દેવામાં તેના ભક્તોના **મનની** નિર્મળતા આ **કીલક** છે.

કરન્યાસ. પ્રાતઃકાળમાંજ પોતાનું સ્મરણધ્યાન કરાવવાના પ્રબળ સામર્થ્યવાળું એ પ્રમાણે અંગૂઠાઓને નમસ્કાર, પીતીવેળા વા ખાતીવેળા પીનારનું વા ખાનારનું મોઢું બગાડી નાંખવાના સામર્થ્યવાળું એ પ્રમાણે તર્જનીઓને નમસ્કાર, દ્રવ્ય તથા સમયનો દુરુપયોગ કરાવી શરીરાદિને નિર્બળ કરનાર એ પ્રમાણે મધ્યમાઓને નમસ્કાર, મનમાં દીનતા ઉપજાવવાના પ્રભાવવાળું એ પ્રમાણે અનામિકાઓને નમસ્કાર, કર્તવ્યનિષ્ઠાની ન્યૂનતાવાળામાં વિશેષ પ્રતીત થનારું એ પ્રમાણે કનિષ્ઠિકાઓને નમસ્કાર, અને મનુષ્યને ચોટ્યાપછી પ્રાયશઃ તેનાથી પૃથક્ નહિ થવાના દુરાગ્રહવાળું એ પ્રમાણે હથેળીઓને તથા હાથના નીચેના ભાગોને નમસ્કાર.

હૃદયાદિન્યાસ. પ્રાતઃકાળમાંજ પોતાનું સ્મરણધ્યાન કરાવવાના પ્રબળ સામર્થ્યવાળું એ પ્રમાણે હૃદયને નમસ્કાર, પીતીવેળા વા ખાતીવેળા પીનારનું વા ખાનારનું મોઢું બગાડી નાંખવાના સામર્થ્યવાળું એ પ્રમાણે શિરપર સ્વાહા, દ્રવ્ય તથા સમયનો દુરુપયોગ કરાવી શરીરાદિને નિર્બળ કરનાર એ પ્રમાણે શિખાપર વષટ્, મનમાં દીનતા ઉપજાવવાના પ્રભાવવાળું એ પ્રમાણે કવચને હુમ્, કર્તવ્યનિષ્ઠાની ન્યૂનતાવાળામાં વિશેષ પ્રતીત થનારું એ પ્રમાણે ત્રણ નેત્રોને વૌષટ્, અને મનુષ્યને ચોટ્યાપછી પ્રાયશઃ તેનાથી પૃથક્ નહિ થવાના દુરાગ્રહવાળું એ પ્રમાણે અસ્ત્રને ફટ્.

'અફીણની પ્રીતિ મેળવવામાટે તેના ભક્તોને પાઠ કરવામાં તથા વિચાર કરવામાં આ સ્તોત્રનો **વિનિયોગ** છે.

ધ્યાન. અફીણુ ખાવાથી વા પીવાથી યુદ્ધમાં મલત્યાગ થઇ જતો નથી, તેનું સેવન વિષયસેવનમાં ઉપકાર કરે છે, તેના સેવનથી આંખો રાતી થવાથી બીજા ભય પામે છે, તેના ભક્ષણાદિથી અંગબળ વધે છે, તેની ઉપાસનાથી સ્નાનની પીડાથી દૂર રહેવા પ્રબળ ઇચ્છા પ્રકટે છે, બેઠાં બેઠાં દિવસે કામની વેળા પણ ઉંઘ લઇ શકાય છે, અને તેના અનન્ય સેવનથી અન્યાયવડે પારકું પોતાનું કરી લેવાની પ્રવૃત્તિ થાય છે, આવા કલ્પિત ગુણોનો વિચાર પોતાના મનમાં ગોઠવી અફીણુના ભક્તો નિશદિન તેનું ધ્યાન કરતા પ્રતીત થાય છે.

હે અફીણુ ! તું શ્યામ છે તેથી શ્યામશરીવાળા શ્રીવિષ્ણુની પેઠે તું જ્યાં ત્યાં વિજય મેળવે છે. હિંદુઓનો કેટલોક ભાગ, મુસલમાનોનો કેટલોક ભાગ, ને ચીનાઓનો મોટો ભાગ તેમનાં ધર્મશાસ્ત્રોમાં માદક પદાર્થના સેવનનો નિષેધ કર્યા છતાં તેઉપર હરતાળ મારી તને પ્રસન્ન મને ઉપાસે છે, એ તારો વિજય અવશ્ય અદ્ભુત છે !

નાનાં બાળકો રુદનવડે પોતાને પીડા ન કરે તેથી તેના આરોગ્ય બગડવાનો વિચાર બાજુએ મેલી કેટલીક માતાઓ તેમને તારું સેવન કરાવે છે, કેટલાક વૃદ્ધ પુરુષો ને સ્ત્રીઓ બીજા વાસ્તવિક ટેકાને ત્યજી તને પોતાના ટેકારૂપ સમજી તારી ઉપાસના કરે છે, કેટલાક પ્રવાસીઓ પ્રવાસનો શ્રમ જણાવવાનું બાનું કાઢી તારા સેવનમાં તત્પર થાય છે, કેટલાક રજોગુણી મનુષ્યો વિષયાનંદની અધિક લાલસાથી પરિણામ વિચાર્યાવિના તારી ઉપાસનામાં પ્રવૃત્ત થાય છે, ને કેટલાક બ્રહ્મચારી, સંન્યાસી, ગોસાંઇ, સાધુ, ને ફકીર પ્રભુની ઉપાસનામાં પૂરું મન નહિ રાખતાં સાવધાનતાપૂર્વક સમયસર તારી ઉપાસના કરે છે, એ સર્વ તારા પરાક્રમની વિજયધ્વજાઓ છે !

તું અત્યંત કટુ છે, છતાં તારા અનન્યભક્તો તને શાકરથી પણ વિશેષ ગળ્યું સમજે છે, તું પેટમાં ચુંક ઉપજાવવાના તથા તને ખાનારપીનારનું મોઢું બગાડી નખાવવાના સામર્થ્યવાળું છે, છતાં તારા ભક્તોને તું પરમ પ્રિય છે, તું સ્નાનને તથા ઉદ્યોગને શત્રુસમાન ગણે છે, અને ચોરી તથા મિથ્યાભાપણાદિ શીખવે છે, છતાં તારા ભક્તો તારામાં લેશ પણ દોપ જોઈ શકતા નથી, તેથી તેં તેમનાં જ્ઞાનચક્ષુ હરી લીધાં છે એમ તટસ્થ વિવેકી જનોને સ્પષ્ટ જણાઇ આવે છે.

એક મા પોતાના નાના બાળકને અફીણની વા અફીણયુક્ત પદાર્થની ગોળી આપતી પ્રતીત થાય, ને એક ક્ષત્રિય કે મુસલમાન પિતા કે પિતામહ પોતાના પુત્ર કે પૌત્રને નાની બંગલીમાં અફીણનો કસુંબો પાતો પ્રથીત થાય, ત્યારે તારા અલૌકિક મહિમાનું ભાન કયા સહૃદય મનુષ્યને ન થાય !

હવે રજપૂત આદિને યુદ્ધ કરવાનો સમય લગભગ વીતી ગયો છે, છતાં યુદ્ધકાળે મલનો ત્યાગ ન થઈ જાય તેની ચિંતા રાખી તારા સૈવનની તેઓ અગત્ય માને છે, કામીઓ તારા સૈવનથી પોતાને વધારે કામસુખ મળ્યાનું માને છે, નિર્બળો તારા સૈવનથી બળ આવ્યાનું માને છે, અને રાજાઓનો ને ધનાઢયોનો કેટલોક ભાગ તારા સૈવનથી પોતાનામાં વિશેષ મોટાઇ આવ્યાનું માને છે, આ સર્વ તારી મહામોહનીનો પ્રતાપ છે.

તારું સેવન કરવાનો સમય પ્રાપ્ત થયે જો તારા ભક્તોને તારી પ્રાપ્તિ થતી નથી તો તેમને ઉપરાઉપર બગાસાં આવે છે, તેમના પગમાં કળતર થાય છે, તેમનાં મન ને ઇંદ્રિયો વ્યાકુળ થાય છે, ને તેમના મોઢામાં ફીણ આવી મૂર્ચ્છા જેવી સ્થિતિ તેમને પ્રાપ્ત થાય છે, છતાં મોહથી પરાભવ પામેલા ને જેમના હૃદયનેત્રનું તેં ગુપ્તરીતે હરણ

કરી લીધું છે એવા તારા અનન્ય ઉપાસકો તનેજ આ વિશ્વમાં પરમ ઉપાસના કરવા યોગ્ય માને છે.

તું આળસ, પ્રમાદ, ને દીર્ઘસૂત્રતા ઉત્પન્ન કરે છે, તું તારા સેવકોને દિવસે પ્રાપ્તવ્યવહારને તિલાંજલિ દઈ કૃત્રિમ નિદ્રાવડે માથું કેમ ધુણાવ્યા કરવું તથા ભાન ભૂલી આંખોને કેમ વીંચવી ઉઘાડવી તે શીખવે છે, વળી તું ચોરી કરતાં, જૂઠું બોલતાં, નકામી વાતો કરતાં, દીનતાવડે પરાધીન થતાં, લજ્જારહિત થતાં, ને સંબંધી જનોઉપર દયારહિત થતાં શીખવે છે. તારા સેવકોને લોકો "બંધાણી" એવું અપમાન ભરેલું નામ આપે છે, તથા તેમનો કોઇ વિશ્વાસ કરતું નથી, છતાં જેમણે પોતાપણું ખોઇ નાંખ્યું છે એવા તારા ભક્તો લોકોના કથનાદિની કાંઇ પણ દરકાર કરતા નથી. તારા અનન્ય ભક્તોની ઉપર જણાવેલી સ્થિતિ તારા મહિમાની સૂચક નથી એમ કોણ કહી શકે ?

ચંડુલખાનામાં ચટાઇઓપર આડા પડ્યા પડ્યા તારા ભક્તો જ્યારે તારા વિષમય ધૂમાડાનું પાન કરી મોઢામાંથી ફીણ કાઢતા તથા બેભાન થયાજેવા પ્રતીત થાય છે, ત્યારે તારા વિનામૂલ્યના નહિ પણ સામું મૂલ્ય આપીને થયેલા તે દાસોની તેમના કોઇ પણ પ્રકારના વાસ્તવિક સ્વાર્થવિના માત્ર તેમની મૂર્ખાઇથી થયેલી આવી દીનદશા જોઇ તારી મોહનીનું ભયંકર સ્વરૂપ તારી ભક્તિમાં નહિ જોડાએલા સર્વ વિવેકી જનોને સ્પષ્ટ પ્રતીત થાય છે.

તું તમોગુણથી ભરેલું ને આળસ આદિ દુર્ગુણોના પિતારૂપ છે, તારા સેવનથી મનુષ્યને કાંઇ પણ લાભ થતો નથી, કિંતુ સર્વથા તેને હાનિજ થાય છે, અને તું અભ્યુદયનાં તથા નિઃશ્રેયસનાં સાધનોમાં માણસની જોઇએ તેવી સાવધાનતાવાળી ને ઉત્સાહવાળી પ્રવૃત્તિ થવા

દેતું નથી, છતાં તારા સેવનના પ્રબળ પ્રતાપવડે વ્યવહાર તથા પરમાર્થના વાસ્તવિક સ્વરૂપનું ઘણે અંશે ભાન ભૂલી ગયેલા તારા અનન્ય ભક્તો ચોરામાં, ડેલીમાં, કે પોતાને ઘેર પ્રસન્ન મને તારું સેવન કરે છે, ને તને મીઠાઇ આદિનું નૈવેદ્ય ધરે છે! વળી તારા ભક્તોને મનુષ્યોના પરસ્પરના વૈરની નિવૃત્તિ કરાવતી વેળા વાપરવાયોગ્ય બીજો કોઇ પદાર્થ જગત્માં પ્રતીત થતો નથી, પણ તારો રસ (કસુંબો) જ વૈરની નિવૃત્તિ કરાવતી વેળા વાપરવાયોગ્ય તેમને પ્રતીત થાય છે, એ પણ તારી વિલક્ષણ મોહનીનોજ પ્રતાપ છે.

તારા સેવનથી ઉપજેલી ધૂનમાં તારા ભક્તો કેવાં વિલક્ષણ પરાક્રમ કરે છે તેના થોડાક નમુના તારા ભક્તોને પોતાની સ્થિતિનું કાંઇક ભાન થવા અહિં ઊતારાય છેઃ—તારો કોઇ ભક્ત પેશાબ કરવા બેઠો હતો તેવામાં તેને તારા પ્રતાપથી ઝોકું આવવાથી તેની ધોળી પાઘડી પડી ગઇ. પછી તેણે પેશાબ કરીને ઊઠીને પોતાની આગળ પડેલી પાઘડીને બગલું સમજી પાસે ઊભેલા કોઇને પૂછ્યું કેઃ—"બાપા! બગલું ચીણે (કોણે) માર્યું?" તારા બે પરમ ભક્તો ઘોડેસ્વાર થઇને પરગામ જતા હતા, માર્ગમાં એક ગામ આગળ ઊતરી તારી ઉપાસના કરી ભાતું ખાવા બેઠા. પછી તારા સેવનથી ઉપજેલી ધૂનમાં ઘોડાં ત્યાં મૂકી ચાલવા લાગ્યા. સામે ગામ પહોંચી ધર્મશાળાવાળાને પોતાના ઘોડામાટે ઘાસ તથા ચંદીનો બંદોબસ્ત કરવા સૂચના કરી. ધર્મશાળાવાળાએ તેમનાં ઘોડાં ક્યાં છે એમ પૂછ્યું ત્યારે બંનેને ભાન આવ્યું કે તેમનાં ઘોડાં તો સમીપના ગામનાં પાદરમાં રહી ગયાં છે! તારા એક સેવકે તારી ઉપાસનાથી ઉપજેલી ધૂનમાં ભરેલી બંદુક પોતાના ભણી રાખી તે ફોડવાનો પ્રયત્ન કરવા માંડ્યો! ને બીજા એક તારા ભક્તે પોતાના છોકરાને તારા

ગુણની પરીક્ષા કરાવવા તારું થોડું સેવન કરાવ્યું. તેં તે છોકરાના પ્રાણનો તે શરીરમાંથી વિયોગ કરાવ્યો. તે જોઇ તારા તે ભકતે કહ્યું કે:—" છોરો મરી ગયો પણ અફીણ ચંગો છે ! "

તારું પરાક્રમ અપાર છે ! તું જ્યારે તારા પરમ ભકતોના હાથમાં આવે છે ત્યારે તેઓને પ્રસન્ન કરી તારી ઉપાસનામાં જોડાવાની ઇચ્છાવાળા બીજા મફતીઆ ભકતો પોતાનું ને જગતનું ભાન ભૂલી તારી સ્તુતિ કરવા લાગી જાય છે, જે સ્તુતિમાંનાં થોડાંક વચનો અહિં તારી તેમના ઉપર પ્રસન્નતા થવાની ઇચ્છા રાખી અવતરણ કરાય છે:— " આધો દાણો અમલરો, ચપટી ભાંગ ન ખાય; તે નર કોડી સરીખડા, શ્વાને ધાન સમાય. " " કાળો આંખ કરે કીમ કામિની, જેનો કંથ ન રાતી આંખ કરે. " " અફીણબિન આશક અલુના હૈ. " " એમો કહે ઉભરાવને, આપુ બહુત અજબ; ઉનકો આહ પટંતરો, જુધમેં કરે જવાબ. " અને " આફુવટણ ને જોગ ગંથ, ઓ શૂરહંદો. કામ "

તારા ભકતોની તારામાં પરમ ભકિત છે, તેથીજ તેઓ તારો ક્રમપૂર્વક ત્યાગ થઇ શકવાનો પ્રબળ સંભવ છતાં પણ લોકોને જે તે બાનાં બતાવી તેઓ તારી ઉપાસનાનો ત્યાગ કરતા નથી. તારા પરમ ભકતોમાંનો કોઇ ભકત તારી ઉપાસનાનો ક્રમથી ત્યાગ કરવાની ઇચ્છા કરી તારી ઉપાસનાનો ક્રમથી ત્યાગ કરવા માંડે છે, પણ મનમાં તારી ઉપાસના ઘટાડવાથી થનારી કલ્પિત હાનિઓનો સતત વિચાર કર્યા કરે છે, તેથી તેને જોઇને તું હસે છે, ને તારો ત્યાગ કરવા તે સમર્થ નથી, એમ સમજી તેને પુનઃ પ્રબળ વેગથી તારી ઉપાસનામાં જોડી દે છે.

તારા ઉપાસકો જ્યારે કોઇ અપરાધ કરી વગરભાડાના ઘરમાં નિવાસ કરવા જાય છે, ત્યારે ત્યાંના નિયમપ્રમાણે તેમને તારી ઉપા-

સનાનો ત્યાગ કરવો પડે છે, ને તેમાં તેમને તારા વિયોગથી કાંઇ પણ શારીરિક અડચણ આવતી નથી, તેથી જણાય છે કે ભક્તીજ તારો વળગાડ છૂટે છે. ત્યાં પણ પોતાના ભક્તપણામાં ન્યૂનતા ન આવે માટે તેઓ મનમાં પ્રસંગોપાત્ત તારુંજ ધ્યાન કરતા રહે છે, ને જેવા વગર-ભાડાના ઘરમાંથી મોકળા થયા કે તુરત પ્રથમ તારીજ ઉપાસનામાં તેઓ આતુર મનથી જોડાય છે !

તું ધનવાનોને નિર્ધન કરે છે, બળવાનોને બળરહિત કરે છે, ઇંદ્રિયોના સામર્થ્યને ક્ષીણ કરે છે, ને મનના સામર્થ્યને પણ હણે છે, છતાં તારા અનન્ય ભક્તો તારો ત્યાગ કરવા લેશ પણ વિચાર કરતા નથી, તેથી તેં તેમને કોઇ અજબ ભૂરકી નાંખી છે એમ જણાય છે !

તારી અનન્ય ઉપાસના કરનારાઓમાંથી જેઓ કાંઇ સમજી શકે એવા હોય તેમને એકાંતમાં તેમના કાનમાં કહેજે કેઃ—“ભાઇ ! પ્રત્યેક કાર્યનો અંત હોય છે તેમ હવે તમે પણ તમારૂં વિશેષ હિત સાધવા મારી ઉપાસનાનો અંત લાવો, ને મારાથી શ્રેષ્ટ પ્રકારના પદાર્થોની ઉપાસનામાં તમારા ચિત્તને જોડો. મારો કેફ ઉતરી જાય છે, ને તે વેળા તમને દુઃખાનુભવ થાય છે, પણ એક વસ્તુ એવી છે કે જેનો કેફ કદી ઉતરતોજ નથી, ને તેથી દુઃખાનુભવ પણ થતો નથી. દૃઢ મનોબળ હોય તો તમે તુરત મારો ત્યાગ કરશો તોપણ તમને હું હરકત થવા નહિ દઉં, ને તમારું મનોબળ ઉત્કૃષ્ટ પ્રકારનું ન હોય તો ક્રમાત્ તમે મારો ત્યાગ કરશો તોપણ તમને હરકત નહિ આવવા દઉં. સારું તે તમારું. ઉજાગરો આદિ પ્રાણાયામ, ઇષ્ટમંત્રનો જપ, સારો સંગ, ને કોઇ પણ શુભ કર્મમાં મારા વિસ્મરણપૂર્વક લાગ્યા રહેવું આ ઉપાયોનું જો તમે એકાદ માસ પ્રેમપૂર્વક અનુષ્ટાન કરશો તો મારી સત્તાનું ઉલ્લંઘન કરી તમે બાહ્યસ્થિતિએ, શરીરે, ને મને સુખી થશો.

તમે મારી આટલો કાળ ઉપાસના કરી તો મારો ધર્મ છે કે તમને કાંઈ સારી શીખામણ દેવી, તે પ્રમાણે મેં કહ્યું, હવે તમને ઠીક લાગે તેમ કરો." આમ આશ્રિતોનું હિત કરવાનો પ્રયત્ન જો તું કરીશ તો તેં ઠીક કર્યું ગણાશે.

આ અફીણુસ્તોત્રના પાઠવડે અફીણના અધિષ્ઠાનરૂપ પરમાત્મા અફીણના ભક્તોઉપર કૃપા કરી તેમને અફીણની ભક્તિથી મોકળા કરી જેની ભક્તિવડે તેમનો અભ્યુદય વા નિઃશ્રેયસ થવા સંભવ છે તેમાં જોડવા કૃપાવાન્ થાઓ. ઇતિ શિવમ્.

विजयास्तोत्र.

ૐ આ વિજયાસ્તોત્રલઘુમાલામંત્રના શ્રીવિવેક ઋષિ, નામ રહિત છંદ, વિજયાદેવી દેવતા, મનને આનંદ ઉપજાવવાના સામર્થ્યવાળી એવી ભ્રાંતિ આ **બીજ**, ભાન તથા અભાનના તરંગોને હીંડોળે માણસના મનને હીંચોળનારી આ **શક્તિ**, અને તેના વ્યસનને ત્યજી દેવામાં તેના ભક્તોના મનની નિર્બળતા આ **કીલક** છે.

કરન્યાસ. ભોજનના સમયની પૂર્વે પોતાના ભક્તોને પોતાનું સ્મરણધ્યાન કરાવવાના સામાર્થ્યવાળી એ પ્રમાણે અંગૂઠાઓને નમસ્કાર, છીપરઉપર કે કુંડીમાં પોતાનું મર્દન થતું દેખાડી પોતાના ભક્તોના ચિત્તનું આકર્ષણ કરનારી એ પ્રમાણે તર્જનીઓને નમસ્કાર, દ્રવ્ય તથા સમયનો દુરુપયોગ કરાવી પોતાના ભક્તના મનોબળને ઘટાડનારી એ પ્રમાણે મધ્યમાઓને નમસ્કાર, પોતાના ભક્તોને "ભંગી"

(ભાંગ પીનાર, અન્ય અર્થ લોકપ્રસિદ્ધ છે.) એવું ઉપનામ અપાવનારી એ પ્રમાણે અનામિકાઓને નમસ્કાર, પોતાના ચઢાવમાં ને ઉતારમાં પોતાના ભક્તના શરીરને મરડાવનારી એ પ્રમાણે કનિષ્ઠિકાઓને નમસ્કાર, અને નબળા મનના માણસને ચોટયા પછી પ્રાયશઃ તેનો ત્યાગ નહિ કરવાના સ્વભાવવાળી એ પ્રમાણે હથેળીઓને તથા હાથના નીચેના ભાગને નમસ્કાર.

હૃદયાદિન્યાસ. ભોજનના સમયની પૂર્વે પોતાના ભક્તોને પોતાનું સ્મરણધ્યાન કરાવવાના સામર્થ્યવાળી એ પ્રમાણે હૃદયને નમસ્કાર, છીપરઉપર કે કુંડીમાં પોતાનું મર્દન થતું દેખાડી પોતાના ભક્તોના ચિત્તનું આકર્ષણ કરનારી એ પ્રમાણે શિરપર સ્વાહા, દ્રવ્ય તથા સમયનો દુરુપયોગ કરાવી પોતાના ભક્તના મનોબળને ઘટાડનારી એ પ્રમાણે શિખાપર વષટ્, પોતાના ભક્તોને " ભંગી " એવું ઉપનામ અપાવનારી એ પ્રમાણે કવચને હુમ્, પોતાના ચઢાવમાં ને ઉતારમાં પોતાના ભક્તના શરીરને મરડાવનારી એ પ્રમાણે ત્રણ નેત્રોને વૌષટ્, અને નબળા મનના માણસને ચોટયા પછી પ્રાયશઃ તેનો ત્યાગ નહિ કરવાના સ્વભાવવાળી એ પ્રમાણે અસ્ત્રને ફટ.

વિજયાની પ્રીતિ મેળવવામાટે તેના ભક્તોને પાઠ કરવામાં તથા વિચાર કરવામાં આ સ્તોત્રનો **વિનિયોગ છે.**

ધ્યાન. તું મનને દુઃખના વિચારોથી મોકળું કરી આનંદમાં મગ્ન કરનારી, વિશેષ આહાર કરવાનું સામર્થ્ય આપનારી, સારી રીતે મળશુદ્ધિ કરાવનારી, મગજને પોતાની શીતળતાવડે શાંત કરી સમયસર ઘાટી નિદ્રા આણનારી, તથા મનની એકાગ્રતા સધાવનારી છે, એમ સમજી તારા ભક્તો ભોજનપહેલાં તથા સાંજે નિત્ય તારું ધ્યાન ધરતા પ્રતીત થાય છે.

વિજયા, જયા, માયા, ભાંગ, લીલાગર, શંકરની બુટી, ઠંડાઇ, ને સબ્જી આ તારાં પ્રસિદ્ધ નામોમાંના કોઇ પણ પરિચિત નામનું ઉચ્ચારણ કરતાં વા-સાંભળતાં તારા ભકતોના મુખઉપર એક જાતનો આનંદ છવાઇ રહે છે, ને કોઇ તારા સંબંધી વાત કરે તો તારા સેવનની આતુરતા તેમના મનમાં પ્રકટે છે, એ તારાપ્રતિ તેમનો કેવો ભક્તિભાવ છે તે સ્પષ્ટ દેખાડી આપે છે. આવા ભક્તિભાવવાળા ભકતોવડે પૂજાયેલી તું વિશ્વમાં મહિમાવંતી છે.

શ્રીશંકરને ભાંગ પીતાં કોઇએ જોયા નથી, ને તે સ્વાત્મારામ હોવાથી તેમને ભાંગ કે કોઇ અન્ય માદક પદાર્થ સેવવાની લેશ પણ અગત્ય નથી, છતાં તારા ભકતો “ શંકર ભાંગ પીએ છે, માટે અમે પણ ભાંગ પીઇએ છીએ, તેથી તેમાં કાંઇ દોષ કરતા નથી, તથા જે શંકરના ભક્ત હોય તેમણે શિવરાત્રિએ અવશ્ય ભાંગ પીવી જોઇએ, ” એમ કહે છે, જે તેમનું કપોલકલ્પિત કથન અન્ય અર્થને નહિ જણાવતાં માત્ર તેમની તારા ઉપરની અનન્ય ભક્તિનેજ દર્શાવનારું છે.

કેટલાક તને વાટીને પીએ છે, કેટલાક તને ઘીમાં શેકીને ખાય છે, કેટલાક તારી મીઠાઇ બનાવેલી હોય તે ખાય છે, કેટલાક તારું અદ્‌ભુત પરાક્રમ અનુભવવા જુવારનાં મૂળો તથા તાંબાનો કાટ તારી સાથે મેળવી પછી તારું સેવન કરે છે, અને કેટલાક તને બહુ વાર જળમાં ઝબોળી પછી તારું સેવન કરે છે, આમ ભિન્ન ભિન્ન રીતે તું તારા અનન્ય ભકતોને તારી ઉપાસનામાં જોડે છે, તેથી ભકતવત્સળા એવી જે તું તે તને ધન્ય છે !

તારા પરમ ભકતો જ્યારે તારા વિશેષ સેવનથી મત્ત થાય છે ત્યારે તેમને અત્યાહાર કરવામાં આનંદ ઉપજવાથી તેમના આહારનું માપ રહેતું નથી, તે વેળાએ જો તેમને દીવાનાં દર્શન કરાવવામાં આવે

તો તેઓ હસવામાં અથવા જે વેને લોકો તેને ચઢાવે તે વેને ચઢવામાં વેગવાળા પ્રતીત થાય છે, વળી તારી ઉપાસનાથી ઉપજેલી ધૂનમાં ઉન્મત્ત થયેલા તેઓને કયારેક પોતાનું ને પોતાની આસપાસના પદાર્થોનું કાંઇક ઠીક ભાન હોય છે, ને કયારેક પોતાનું ને પોતાની આસપાસના પદાર્થોનું તેમને કેવળ વિપરીત ભાન થાય છે, તથા તેમને પોતાનો જીવ ઉંડો ઊતરી ગયેલો પ્રતીત થાય છે, કયારેક તેઓ તારા પ્રતાપથી રોવા બકવા કે ગાવા લાગે છે, અને કયારેક તેમનું માથું ભારે થઇ તેઓ વમન પણ કરે છે, છતાં તેઓ તારામાં દોષદર્શન કરતા નથી, ને તારા સેવનથી વિમુખ થતા નથી, એ તેમની તારાપ્રતિ અનન્ય ભક્તિ નહિ તો બીજું શું કહેવાય?

કેટલાક ઝવેરીઓ મોતી તથા રત્નાદિની પરીક્ષા કરવામાટે પોતાના ચિત્તને એકાગ્ર કરવામાં તારા સેવનની અગત્ય માને છે, કેટલાક નામધારક યોગાભ્યાસીઓ ધારણા તથા પ્રાણાયામના અભ્યાસમાં બેસવા પહેલાં તારી ઉપાસનાની આવશ્યકતા માને છે, કેટલાક વિદ્યાર્થીઓ પાઠ ગોખવા બેસવા પહેલાં ને કેટલાક લેખકો લેખ લખવા બેસતા પહેલાં તારી સેવાની અગત્ય સ્વીકારે છે, અને કેટલાક નિત્ય પ્રાતઃકાળમાં વા ભોજનપહેલાં તારા સેવનથી ઉપકાર થવાનો સંભવ જણાવે છે, આ સર્વને તેં તારી સંમોહનીશક્તિવડે ભ્રમિત કરી દીધા છે, એમ વિવેકીઓને સ્પષ્ટ જણાય છે, છતાં તારા ભક્તો પોતે ભ્રમને વશ થયા છે એમ લેશ પણ માનતા નથી, એ તેમને તારા સેવનથી પ્રાપ્ત થયેલી નવી બુદ્ધિનો પ્રભાવ છે!

તારું સેવન કરીને ધ્યાન કરવા અથવા પ્રાણાયામ કરવા બેઠા પછી તારા ભક્તોનું મન વારંવાર સ્તબ્ધીભાવનો અનુભવ કરે છે,

અને કોઇ કોઇ વાર તેમનું મન વિવિધ મનોરાજ્યોનો પણ અનુભવ કરે છે, તેથી જાગ્રત્માં તુરીયાવસ્થાનો અનુભવ કરવાનો તેમનો ઉદ્યોગ સફળ થતો નથી, છતાં તારું સેવન કર્યા પછી ધ્યાન અથવા પ્રાણાયામ સારી રીતે કરી શકાય છે એમ જેઓ બીજાને કહે છે તે તારા ભક્તો પોતે પોતાને ઠગે છે, ને તે તેમની મૂર્ખાઈ જોઇ તું પોતાના મનમાં હસે છે, એ યોગ્યજ છે.

તારા પ્રસિદ્ધ પરમભક્તો જ્યારે તારા જળનો લોટો પી પુષ્કળ આહાર કરી પછી સાંજની વેળાએ પોતાના પેટમાં ભરેલા વિશેષ આહારને પચાવવા બગીચામાં (નાની વાડીમાં) દંડ પીલતા હોય છે, વા અન્ય વ્યાયામ કરતા હોય છે, કિંવા તારા સેવનથી ઉત્પન્ન થયેલી અર્ધ ઉન્મત્તદશામાં પોતાના પ્રાપ્ત યજમાનની ને જમનામૈયાની જય બોલતા હોય છે, ત્યારે તેમના શરીરાદિની સ્થિતિ ઇચ્છવાયોગ્ય પ્રતીત થતી નથી, એ વાત તારા અભક્તોને સુસ્પષ્ટ છે. તારું વંશ-પરંપરા સેવન કરવાથી બુદ્ધિની કેવી મંદતા થાય છે તેના ઉદાહરણ-રૂપ તારા પ્રસિદ્ધ પરમ ભક્તો છે, જે ભક્તો તારો અગાધ મહિમા સમજી નિત્ય તારા સેવનમાંજ પરમાનંદ માને છે.

તારા અનન્ય ઉપાસકો આખી પૃથિવીઉપર તારું વાવેતર થાય, જ્યાં જ્યાં તેઓ દૃષ્ટિ કરે ત્યાં ત્યાં તારી તેમને પ્રતીતિ થાય, પીવાના જળમાં તારો સદ્ભાવ હોય, અને જમવાના પદાર્થોમાં ને વિશેષે ભજીઆમાં તારો સદ્ભાવ હોય તો ઠીક એમ ઇચ્છે છે. તેઓ તારામાં પોતાની ભક્તિ જણાવવા આવાં અને આને મળતાં વચનો પ્રસંગોપાત્ત બોલે છે:—" ભંગ ઐસી છાનીએ, જૈસા ધાડા કીચ; ધરકે જાને મર ગયે, આપ નશાકે બીચ." " ગંગસંગ દોઉ બહીમ

હે, રહત સદા શિવસંગ; મુર્આ તારિણી ગંગ હે, ઝીંદાં તારિણી ભંગ" ને "કુંડી કુતકાકી બજા ઔ દેખ ટુક કુદરતકા ખેલ, છોડ સગ કા-મોકી ગાફીલ, ભંગ પી ઔ દંડ પેલ."

ઉત્તર હિંદુસ્થાનના ઘણા ભાગમાં સાધુઓના અખાડામાં, બ્રાહ્મણ આદિ ગૃહસ્થોના ઘરમાં, અને ઊનાળાના ને શરદઋતુના દિવસોમાં બાગોમાં તને છીપર તથા ઉપરવટણાની વચ્ચે વારંવાર ઘઢાતી જોઇ તારાપર તે લોકોનો કેટલો ભાવ છે તે કોઇના સૂચવ્યાવિના જોનાર માણુસને સ્પષ્ટ થાય છે. તારા ભક્તો પ્રાયશઃ પોતાનું વ્યાવહારિકપામાર્થિક કર્તવ્ય ભૂલી દીનમનવાળા થઇ તારા સેવનમાં તત્પર થઈ જાય છે, એ જોઇ તારી ઉપાસનામાં નહિ પ્રવૃત્ત થયેલા બીજાઓને ભલે આશ્ચર્ય વા ખેદ થાય, પણ તેથી તારો મહિમા તેમને વિશેષ સ્પષ્ટ થાય છે, એમાં શક નથી.

દેહાભિમાન પ્રાપ્ત દુઃખ, કિંવા ઉદાસીનતાને મનમાંથી દૂર કરવા-માટે જેઓ તારા સેવનની પોતાને માટે આવશ્યકતા ધારતા હોય તેમણે તારા સેવનને બદલે પરમાનંદરૂપ પરમાત્માનું સ્મરણ કરવું એજ શુભ ને દુઃખરહિત ઉપાય છે, છતાં તારા ભક્તોએ તારી સતત ઉપાસનાવડે પોતાના હ્રદયની આંખો ખોઈ નાંખેલી હોવાથી તેઓને આ હિતકર. રાજમાર્ગ સૂઝતો નથી.

વિજયા, જયા, ને માયા એ તારાં મુખ્ય નામોનો અન્ય અર્થ બ્રહ્મને આશરે રહી તેમાં કલ્પિત જગત્ દેખાડનારી અવિદ્યા એવો પણ થાય છે એમ તારા ભક્તોને સમજાવી તેમને તારા વ્યસનનું ઉલ્લંઘન કરાવી તારા અધિષ્ઠાનરૂપ બ્રહ્મથી યથાશક્તિ અભેદ પામતાં શીખવી તેમને કૃતાર્થ કરવા દયાળુ થજે. અવિદ્યા જેમ જીવનું કૂટસ્થ એટલે

પારમાર્થિક સ્વરૂપ ભૂલાવી તેમાં તેને હર્ષશોકવાળું અન્યરૂપ દેખાડે છે, તેમ તું પણ પ્રાયશઃ જીવના વ્યાવહારિક સ્વરૂપનું ભાન ભૂલાવી તેમાં તેમને પ્રાતિભાસિક એટલે કલ્પિત રૂપ દેખાડીને દુઃખી કરે છે, માટે તું પણ અવિદ્યાના જેવા સ્વભાવવાળી છે. તારા ભક્તોઉપર નિરંતર વિજય મેળવનારી હે વિજયે ! હવે તું તારા દીન ભક્તોઉપર દયા કરી તેમને તારા સેવનમાંથી મુક્ત કરવારૂપ તેમનો ઉદ્ધાર કર, ને તેઓ જો પોતાના કોઇ દુઃખની શાંતિમાટે તારું સેવન કરવાની અગત્ય જણાવે તો તેમને તે દુઃખની શાંતિમાટેનો કોઇ નિર્દોષ ને સુગમ ઉપાય કોઇ યોગ્ય પુરુષદ્વારા જાણી લઇ તેનું અલ્પ કાળ અનુસરણ કરી સુખી થવાની સૂચના આપ.

ગાંજો ને ચરસ (ભાંગના પાકેલા છોડમાંથી નીકળતો ગુંદ જેવો કેફી પદાર્થ) પણ તારાં સંતાન છે. તેમની ઉપાસનાથી પણ તેમના ઉપાસકો પોતાનું ને જગતનું ભાન ભૂલે છે, ને ઉન્માદ આદિ રોગોને આધીન થાય છે. ગાંજા તથા ચરસના ઉપાસકોને પણ તું તેમના અપકારકપણાનો સ્પષ્ટ બોધ આપી તેમને સમયનો ને દ્રવ્યનો સદુપયોગ કરવા સૂચવજે, ને તેમને મળેલી " ગંજેરી " ની ને " કેફી " ની પદવિમાંથી મોકળા કરજે.

માણસનો મોટો ભાગ બહુધા ટેવનો ગુલામ છે. ટેવ પડવા ન દેવી એ સહેલું કામ છે, પણ પડેલી ટેવ છોડી દેવા એ આ જગતમાં ઘણામાં ઘણું કઠણ કામ છે, તેમાં પણ કોઇ જાતની કુટેવ પાડવી એ ઘણું સહેલું કામ છે, પરંતુ પડેલી કોઇ પણ કુટેવને ત્યજવી એ ઘણામાં ઘણું કઠણ કામ છે. આ કુટેવથી કાંઈ પણ લાભ નથી, ને આ કુટેવ સર્વથા અપકારકજ છે, એમ જાણ્યા છતાં

પણ કુટેવના ભયંકર ખાડામાં પડેલા ઘણા માણસો તે કુટેવરૂપ ખાડામાંથી બહાર નીકળી શકતા નથી, માટે હે વિજયે! તારા તથા તારા સંતાનના સેવનરૂપ કુટેવમાં પડેલા તારા સર્વ ભકતોને ધૈર્ય તથા સાવધાનતા રાખવાનું સૂચવી ત્રણમાંથી કોઇના પણ નિત્ય સેવનરૂપ કુટેવને ત્યજવા ઘણામાં ઘણા સદાગ્રહપૂર્વક પ્રયત્ન કરવાનું સૂચવજે, નહિતો તેઓ પડેલી કુટેવરૂપ અત્યંત ઉંડી ખાઇમાંથી કદી પણ નીકળી શકશે નહિ. ઇતિ શિવમ.

પ્રકટ કરનાર તરફથી
શ્રીમન્નાથપ્રભુને પ્રાર્થના.
સાખી.

સદ્‌ગુરુને ચરણે નમું, માગું પ્રેમ પ્રસાદ;
દયા કરીને દીજીયે, હરિરસ અમૃત સ્વાદ. ૧
વાણી શકે ન વર્ણવી, સદ્‌ગુરુ તણું સ્વરૂપ;
બુદ્ધિબળ પહોંચે નહિ, ઉપમા રહિત અનુપ. ૨
પરથમ પૂરણ પ્રેમશું, વંદું સદ્‌ગુરુ ચર્ણ;
તાપ ટળે સંસારના, મટે જન્મ ને મર્ણ. ૩
સદ્‌ગુરુની કરુણા થકી, ઉપજે નિરમળ જ્ઞાન;
શુદ્ધ ચૈતન્ય તુરીયા પદે, રહે નિરંતર ધ્યાન. ૪
સદ્‌ગુરુ સંત કૃપા કરે, પ્રકટે નિરમળ જ્ઞાન;
રવિ ઉદયે રજની ટળે, રહે નિરંતર ધ્યાન ૫
માગે મુનિ એટલું, નમી નમી વારંવાર;
નાથ ગુરુની કૃપા થકી, માનું સફળ અવતાર. ૬

પ્રકટ કરનાર તરફનું પરિશિષ્ટ.

મદિરાસ્તોત્રનું પરિશિષ્ઠ.

કેફ ન કરશો કોઇ કદી, કેફ કલેશનું મૂળ;
જુઓ કેફ કરી જાદવે, કર્યું નીકંદન કુળ.
"વેદ પુરાણુ કુરાન કીતાબો, જોજો તેહ તપાસીજી,
એ લક્ષણુ ત્યજવાથી મળશે, સઘળેથી શાબાશીજી;
કાજીમુલ્લાંનો મત એ છે, એ મત અધ્યારૂનોજી,
હિંદુમાં ગૌહત્યાથી પણુ, દોષ ઘણો દારૂનો,
કેફ ન કરીએજી." **દલપતરામ.**

હે મદિરે! તું ખોરાક નથી, પણ ઝેર છે, અને તું અજ્ઞાન અને દુર્ગુણનું મૂળ છે. ખોરાકતરીકે માણસનું પોષણ કરવાને બદલે તુ તેના શરીરને નબળું પાડે છે, અને અવયવોમાં બગાડો કરે છે, તેમજ તું લોહીમાં સુધારો કરતી નથી, પણ બગાડો કરી અનેક ગેરફાયદા કરે છે. તું ગરમી તેમજ તાકાત આપતી નથી, પણ બળવાનોને પણ નિર્બળ બનાવી તેમની ગતિ મંદ કરી નાખે છે. એ ઉપરથી વિદ્વાન ડાકટરોનો મત એવો છે કે જલદ દારૂકરતાં વધારે સખત ઝેર કોઇ પણ મળતું નથી.

હે મદિરે! તારું પાન કરનારા મદ્યપાનીઓને (દારૂ પીનારાઓને) પૂછશું કે સર્વથી સરસ ને ફ્સ્ટ ક્લાસ દારૂ કયો? તો તેઓ કહેશે કે પીતાંવારજ લહેર આણે, અને સારા હ્રષ્ટપુષ્ટ આદમીને પણ લથડીયાં ખવાડે એજ સરસદારૂ. ખરેખર અજબ વાત! આનુ મૂર્ખાઇની સીમા

કેમ ન કહેવાય? દરેક રીતે મોતના પંજામાં સપડાવનારને તથા તન, મન અને ધનની દરેક રીતે ખુવારી કરનારને સુખનો અકસીર ઇલાજ સમજવો એ કેવી ગાંડાઇ?

ગૃહસ્થો! પ્રત્યેકના સ્મરણમાં હશે કે માટીની ઇમારતો કેટલી સંભાળભરી રીતે તૈયાર કરવા ઉત્સાહ અને ખંતસાથે સાહિત્ય પણ ઉંચા પ્રકારનું વાપરીએ છીએ તો પછી જેને માટે સઘળા વૈભવો છે તે શરીરની સંભાળ નહિ રાખનારને કેવા ગણવા?

ઇમારત આદિ માણસની કૃતિ હોવાથી સહજ સુધારી શકાશે, પરંતુ શરીર ઈશ્વરી કૃતિ હોવાથી તે સુધારવું લગભગ અશક્ય છે, અને તેથીજ મુખ્યત્વે ખોરાક આદિમાં ઘણી ઘણી સાવધાનતા સેવવી જરૂરની છે.

હવે ખોરાકવિષે વિવેચન કરીએ. આંખ, નાક, કાન, દાંત, જીભ, મન અને જીવ વિગેરેને અનુકૂળ પડે તે ખોરાક લેવાય છે. કેટલીક ચીજો આંખને ગમે છે, નાકને સુગંધીથી ખુશ કરે છે, જીભને ખારાશ ખટાશ, કડવાશ, તીખાશ અને મીઠાશ વિગેરેથી ખુશ કરે છે, પરંતુ જો તે ખોરાક પેટને પસંદ પડતો નથી, તો તે કદીપણ શરીરને ફાયદો કરતો નથી.

હવે મૂળ વાત ઉપર બોલીશું કે દારૂ જેને મોંપાસે લાવતાં નાક દૂર કરો, દૂર કરો, કહી કઢાવે છે. જીભ કહે અરે! હું બળી, મારે એનું કામ નથી. એમ કહી વારંવાર થુંકી કાઢે છે. એમ છતાં જો પેટમાં ઉતરી જાય છે તો છાતી અને પેટ અમે બળ્યાં રે અમે બળ્યાં રે હમારે એ નહિ જોઇએ, એમ બુમો મારે છે, અને તે અથવા સેવાજ ન લેવાનો બીજો પદાર્થ પણ લઇએ તો આપણી દરેક ઇંદ્રિયો પોકાર કરી ઉઠી આપણને ભાન કરાવે છે કે તમે દુર્ગુણોના પંજામાં

સપડાઇ પોતે પોતાનાજ પગમાં કુહાડો મારવાનો વિચાર રાખો છો, કેમકે ધોળે દિવસે આંખ છતાં મધ્યાહ્નકાળે મશાલ લઇ કુવામાં પડવા સરખું કરો છો.

હે મદિરે! તું શરીરમાં જતાંજ આટલી હાનિ કરે છે તો શરીરમાં ગયા પછી કેટલી હાનિ કરશે તે પણ વિચારવા જેવું છે. પરમદયાળુ પ્રભુએ આપણા શરીરના સંરક્ષણાર્થે હાથ, પગ, નાક, કાન, દાંત ને જીભ વિગેરે ઇંદ્રિયો ચોકીઆતતરીકે સોંપેલાં છે. એ પૈકીનો પહેલો પહેરેગીર (ચોકીઆત) ખુટી ન લેવાનું લે, અને તેને મોંતરફ રવાના કરે તોપણ નાક પ્રથમ તેને મોંમાં પેસતાંજ રોકશે. એમ ધારો કે આ પહેલો ચોકીઆત ખુટી ન લેવાનું લે અને મોંતરફ રવાના કરે, તો જીભ અને દાંતના પંજામાંથી છટકવું મુસ્કેલ છે. એ ચોકીઆત કાંઇ કાચા પોચા નથી. એમ ધારો કે એ ચોકીઆતોને વટાવે તોપણ શું? પેટ તેને સંઘરવાનું નથીજ. તે ઉલટીથી પાછું કાઢવા પ્રયત્ન કરશેજ. કદાચ પેટ સંઘરે તોપણ શું? શરીર મોંતરફથી બહાર કાઢવા પ્રયત્ન કરશેજ.

વળી મદ્યપાનથી મનુષ્ય માનરહિત થાય છે. કહ્યુ છે કેઃ—

वरं प्राणपरित्यागो, मानभंगेन जीवनात् ।
प्राणत्यागे क्षणं दुःखं, मानभंगो दिनेदिने ॥

માનભંગથી જીવવાકરતાં મરણ ઉત્તમ છે, પ્રાણત્યાગ વેળાએ ક્ષણવાર દુઃખ થાય છે, પરંતુ માનનાશ થતાં દિવસે દિવસે દુઃખજ થાય છે.

મદ્યપાનીઓ કોવરાવેલ કીડામય અર્કને સ્વીકારી કલંકયુક્ત થઇ મહા દૂષિત થાય છે.

मद्यपस्य कुतः सत्यं, दया मांसाशिनः कुतः ।
कामिनश्च कुतो विद्या, निर्धनस्य कुतः सुखम् ॥

મદ્યપાન કરનાર મનુષ્યનામાં સત્યતા ક્યાંથી હોય? અને માંસભક્ષણ કરનાર મનુષ્યમાં દયા ક્યાંથી હોય? કામી પુરૂષનામાં વિદ્યા ક્યાંથી હોય? અને દ્રવ્યરહિત માણસને સુખ ક્યાંથી હોય?

चित्ते भ्रान्तिर्जायते मद्यपानाद्भ्रान्ते चित्ते पापचर्यामुपैति ।
पापं कृत्वा दुर्गतिं यान्ति मूढास्तस्मान्मद्यं नैव पेयं न पेयम् ॥

મદ્યપાન કર્યાથી ચિત્તમાં ભ્રાન્તિ ઉત્પન્ન થાય છે, અને ચિત્ત ભ્રાન્ત થયાથી પાપનું આમંત્રણ કરે છે, અને પાપ કરીને મૂર્ખ લોકો નરકમાં પડે છે, માટે મદ્યપાન સર્વથા નહિ કરવું.

દોહરો.

જેથી કલંક ઉપજે, તેનો કરવો ત્યાગ;
જેમ ભાદ્રની ચોથના, શશીમાં કરે ન રાગ.

હિંદુશાસ્ત્રને આધારે સો ગૌહત્યાથી વિશેષ દોષ મદ્યપાની માટે છે.

તેઓએ વિચારવું જોઇએ કે રાજાના ગુન્હેગારોને તો તુરંગમાં પડવું પડે છે, પણ પ્રભુના દ્રોહીને તો વિષ્ઠાની ધગધગતી મોટી અગ્નિમાં પડવું પડશે, માટે ડાહ્યા મનુષ્યોએ હમણાંથીજ પ્રભુ રીઝવવાના ઉત્તમ સાધનો સાધી લેવાં જોઇએ, કેમકે ત્યાં (પરલોકમાં અગ્નિની જ્વાળાવખતે) ઠંડક કે પંખો કરવા કોઇ પણ મળનાર નથીજ. યતો ધર્મસ્તતો જય.

હે મદિરે! તારા સેવકો સ્પષ્ટપણે સમજે છે કે તું અનેક જંતુના અર્કથી બનેલ છે, છતાં તું અભક્ષ્યના ભક્ષણનો વિચાર તારા ભક્તોના મનમાં આવવા દેતી નથી.

હે મદિરે! તું તેઓને બોધ આપતી રહેજે કે તમારાથી મારી ને ધર્મની સાથે સેવા થશે નહિ, કેમકે એક મ્યાનમાં બે તલવારનો

સમાસ થતો નથી. એક માણસનો પ્રેમ અવિરોધી બે વસ્તુ પર પણ સમાન હોતો નથી, ન્યૂનાધિક હોઇ શકે પણ બે વિપરીત સ્વભાવવાળી વસ્તુ પર તો ન્યૂનાધિક પ્રેમ પણ નજ હોઇ શકે.

હે મદિરે! તું ઘણીજ સાવધાનતા સેવજે નહિતો ભવિષ્યમાં ભક્તોનો પ્રેમ તારા પ્રત્યેથી ઉતરી અભક્ષ્યના ભક્ષણ તરફ ચાલ્યો જશે.

હે મદિરે! તું અવિદ્યાની પુત્રીજેવી પ્રતીત થતી હોવાથી મનુષ્યોને અવળો માર્ગ બતાવી દે છે. જેના સ્પર્શથી આસ્તિક આર્યને સ્નાનની જરૂર પડે એટલુંજ નહિ, પરંતુ જે અપવિત્ર માંસાદિ તરફ જોવા અણગમો ઉપજે છે તે માંસાદિનું તારા ભક્તો પ્રસન્નતાથી ભક્ષણ કરે છે.

હે મદિરે! અભક્ષ્યનું ભક્ષણ કરનારા તારા ભક્તોને તું સૂચના આપજે અને કહેજે કે તમારાં સગાં સંબંધીઓને તથા બાળ બચ્ચાંઓને કોઇ માર મારે વા હેરાન કરે તો તમે જોઇ નહિ રહેતાં તમારાથી બને તેટલા પ્રમાણમાં તમે તેનો બદલો વાળવામાં પાછા પડતા નથી, અને આ બિચારાં મૂગાં અને રાંકડાં પ્રાણીઓને તેમનાં બાળ બચ્ચાં અને સગા સંબંધીઓથી વિખૂટા પાડી વગર ગુન્હે તમે તેનો વધ કરો છો તો શું તેઓ તમારૂં ભુંડું કરવા પોતાથી બનતું કાંઇજ નહિ કરે શું?

તમે ખૂબ ખાત્રીથી સમજી રાખજો કે તેના નિસાસાથી તમે અને તમારૂં આખું કુળ સુખી નહિ રહો; કહ્યું છે કે "તુલસી હાય ગરીબકી કબુ ન ખાલી જાય; મુઆ ઢોરકા ચામસે લોહ ભસ્મ હો જાય."

ગરીબોની વારે ધાનાર પરમ દયાળુ પ્રભુ તે બિચારાં ગરીબ, મૂગાં અને રાંકડાં પ્રાણીઓ ઉપર પ્રસન્ન થઇ તેઓને એવું વરદાન આપશે કે "જે રૂપમાં તમોને તેમણે દુઃખ આપ્યું હોય તેવાજ રૂપમાં બીજે ભવે તમે તેઓને દુઃખ આપી તમારો બદલો વાળી લેજો."

તમાકુસ્તોત્રનું પરિશિષ્ટ.

भ्रातः कस्त्वं तमाकुर्गमनमिह कुतो वारिधेः पूर्वपारात्
कस्य त्वं दण्डधारी नहि तव विदितं श्रीकले रेव राज्ञः ।
चातुर्वर्ण्यं विधात्रा विविधविरचितं ब्रह्मणा धर्म हेतो रे कीकर्तुं
बलात्तन्निखिलजगति रे शासना दागतो ऽस्मि ॥

કોઇ પુરૂષ તમાકુને પૂછે છે કે "ભાઇ! તું કોણ છે?" ત્યારે તેણે કહ્યું કે "હું તમાકુ છું" "તારું ગમન અહિં કયાંથી થયું?" ત્યારે તે કહે છે કે "સમુદ્રના પેલા કાંઠાથી. (અમેરિકામાંથી.)"

"તું કોનો દંડ ધારણ કરે છે!" તો તે કહે છે કે "શું તું નથી જાણતો? હું તો કળિરાજાનો દંડ ધારણ કરું છું, અર્થાત કળિયુગનો નોકર છું. બ્રહ્માએ આ જગતમાં ધર્મને માટે નાના પ્રકારની ચાર વર્ણવાળી પ્રજા કરી છે, તે બધાને બળથી એક કરવાને કળિરાજાનો હુકમ થવાથી હું આ જગતમાં આવેલ છું."

હે તમાકુ! તારા ગુણ ને રૂપની સત્તા ન વર્ણવી શકાય તેવી છે. તારી પ્રશંસા તારાં કૃપા પાત્રો પણ કરી શકે તેમ નથી, કેમકે તારી સત્તાના દોર (લગામ) થી દુનિયા (મનુષ્યોનો ઘણો ભાગ) દીવાની થઈ રહી છે, એમ પ્રત્યેક જન એકે મતે અને વગર વિલંબે કબુલ કરે છે, કેમકે તું કળિનો નોકર છે.

હે તમાકુની બનેલી બીડી! તારું પરાક્રમ પણ ન્યૂન નથી. તું નિર્જીવ છતાં પણ સજીવોને, ચતુર અને પોતાને ધર્માં મારનાર જીવોને પણ ભુલાવામાં નાખી ધર્મભ્રષ્ટ કરે છે.

બીડી વાળનારાઓ પોતાના ઘરનાં એઠા જુઠા પાણીથી અને જંગલ જવાના કળશીઆથી પાંનડાં પલાળવાનું કામ લે છે, છતાં તેઓ કઇ જ્ઞાતિના છે, એટલે તેઓ કુંભાર, કોળી, મોચી કે મુસલમાન છે તેનો વિચાર કરવાની તક પણ તારી તલપ આગળ મળતી નથી.

હે બીડી ! તારા ઉપાસકો સ્પષ્ટ રીતે તારામાંજ પ્રભુતા માને છે. તારી સત્તાનો દોર અને તારા જુલમનું જોર જબરું છે. તું પ્રસન્ન મને ઉચ્ચ વર્ણવાળાની સાનને વા પોતાને જ્ઞાની માનનારાના જ્ઞાનને માટીમાં મેળવી તેમની પાસે મલિનતા સેવાવે છે.

વળી બીડી વાળનારાઓ બીડીના છેડા ઉપર સૂતર કે કાથાની દોરીનો જે બંધ બાંધે છે તેને કાપવા માટે તેઓ પોતાના દાંતનો ઉપયોગ કરે છે, તેથી તેઓનું મલીન થુંક બીડીના છેડા ઉપર વળગે છે, તેનો વિચાર તારા ભકતો કરતા નથી.

વળી તારો (બીડીનો) તે ભાગ તારા અન્ધ ઉપાસકોને વધુ પ્રિય લાગતો હોય એમ તેને પોતાના મુખમાં નાંખવાથી સમજાય છે, અને તેમાંજ તેઓ અત્યંત આનંદની સાથે મીઠી અને મધૂરી મોજ માનતા જણાય છે.

વળી સુરતના શોખીનો (લહેરી લાલાઓ) દેખાવમાં સુંદર જણાતા અને પોતાને સમજના શિખર પર રહેનારા માનનારા બીડીના ચુસ્ત હિમાયતીઓ (ખરા ઉપાસકો) તો મુસલમાનોના મલિન થુંક અને પાણીથી ભીંજવેલા પાંદડાની બીડીનું સેવન કરવામાંજ, વધારે માન મળતું હોય એમ સમજી બહુધા તેઓની દુકાનની બીડીનેજ ખરીદે છે.

હે બીડીના અંધ ઉપાસકો ! તમારી બુદ્ધિને વિચારનો વેગ આપો અને પછી જ્ઞાન ચક્ષુથી જુઓ કે બીડીના સેવનથી દ્રવ્ય અને વસ્ત્રા

દિનો વિચાર નહિ કરીએ તો પણ આત્મિકબળને કેટલી હાનિ થાય છે ? આ લોકની હાનિથી સંતુષ્ટ નહિ થતાં પોતાના પરલોકને પણ હાનિ પહોંચાડવા તારા ભક્તો પોતાને ધર્મભ્રષ્ટ બનાવી અન્યને પણ તેવા બનાવવાનો યત્ન કરે છે.

હે બીડી ! તારું સેવન કીધા પછી તારા ઉપાસકોના હાથ ઉપર મલિન થુંક લાગેલું હોય છે, (થુંકનો સ્પર્શ થયેલો હોય છે, છતાં હાથની તે મલિનતાનો વિચાર નહિ કરતાં પોતાના સંબંધિજનોને પાન કે સોપારી આપવા નિશંક રીતે પ્રવૃત થાય છે, આમ પરંપરાવડે ઘણાં માણસોને મલિન કરે છે.

તારા ભક્તોની તારા ઉપર રહેલી અંધ અનન્ય ભક્તિ જોઈ તેમના ઉપર પ્રસન્ન થઇ તું તેમને સારાસારના વિચારની તક આપ, અને તેમને પડેલી કુટેવને કાપ. મનુષ્યોનો મોટો ભાગ બહુધા ટેવનો ગુલામ હોય છે. ટેવ પડવા ન દેવી એ સહેલું કામ છે, પણ પડેલી ટેવ છોડી દેવી એ આ જગત્માં ઘણામાં ઘણું કઠણ કામ છે. તેમાં પણ કોઈ જાતની કુટેવ પાડવી એ સહેલું કામ છે, પરંતુ પડેલી કોઈ પણ કુટેવને ત્યજવી એ પણ ઘણામાં ઘણું કઠણ કામ છે. કુટેવ સર્વથા અપકારક છે તે જાણ્યા છતાં કુટેવની ભયંકર ખાઇમાં પડી રહેવું મનુષ્યોનો મોટો ભાગ પસંદ કરે છે. અનાયાસે આ ઊંડી ખાઇમાંથી કોઇ કાઢનાર મળે તો તેને પણ કુટેવને વશ થયેલા મનુષ્યો પોતાને વિરોધી માનવામાં પ્રવૃત્ત થાય છે. ઇતિશિવમ્.

૨૧ ઉપનિષદો—મૂલ્ય રૂ. ૫—૦—૦ સુધારા વધારા સાથે બીજી આવૃત્તિ.

શ્રી પાતંજલ યોગદર્શન—મૂલ્ય રૂ. ૨—૪—૦ સુધારા વધારા સાથે ત્રીજી આવૃત્તિ.

શ્રીયોગકૌસ્તુભ—મૂલ્ય રૂ. ૧—૪—૦ સુધારા વધારા સાથે ત્રીજી આવૃત્તિ.

ઉપરના સર્વ ગ્રંથો તથા **"શિષ્યનું શ્રીસદ્ગુરુ પ્રત્યેનું કર્તવ્ય"** મૂલ્ય રૂ. ૦—૫—૦ **પાંચ રત્નો** મૂલ્ય રૂ. ૦—૫—૦ નીચેને સ્થળે લખવાથી વિ. પિ. થી વા રોકડી કીંમતે મળી શકશે.

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

ઠે. રાયપુર, ભાઈશંકર બેરીસ્ટરની હવેલી
પાસેની દક્ષિણીની હવેલીમાં—**અમદાવાદ.**
